
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only




Vol. 13, Issue. 238, October 2022

જ્ઞાનનું સંરક્ષણ અને તેની વૃદ્ધિ એ યુનિવર્સિટીઓનો એક પ્રબળ હેતુ છે, પણ સાથે સાથે તેમણે વિદ્યાર્થીઓની વૈયકિતક ગુણવત્તા ઊંચી લાવવાનું ધ્યેય રાખવું જોઈએ. માનવ વ્યકિત એ મુકત નૈતિક જીવ છે અને તેને સત્ય અને અસત્ય, ઈષ્ટ અને અનિષ્ટ વચ્ચે પસંદગીનો અધિકાર છે અને તેમ કરી શકવાની તેની શકિત છે, તેનો સ્વીકાર કરવો એ જ આંતરિક સ્વાતંત્ર્યનો નિષ્કર્ષ છે.

– રાધાકૃષ્ણન યુનિવર્સિટી પંચ

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

શિક્ષણક્ષેત્રે બુનિયાદી તાલીમ અને સર્વાંગીગણ કેળવણીનો આદર્શ રજૂ કરનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો જીવનમંત્ર હતો : 'સાદું જીવન, ઉચ્ચ વિચાર'. આ મંત્રને જ સાધન બનાવીને તેમણે નબળાઈઓથી ભરેલાં માનવજીવનને વૈશ્વિક કક્ષા સુધી પહોંચાડી બતાવ્યો. આત્મવિકાસ સાધ્યો. દેશ અને દુનિયાની પ્રજાને દુઃખ, દરિદ્રતા, ગુલામી અને હિંસાના માર્ગોમાંથી બહાર આવવાનો રસ્તો બતાવ્યો. સ્વયં આચરણ વડે એમણે સત્ય, નિષ્ઠા, પ્રામાણિકતા, નીતિ, અહિંસા અને માનવતાના ગુણોને ખીલવ્યા અને લોકોના માનસમાં આરોપિત કરવાના યથા પ્રયત્નો કર્યા. 'સત્યના પ્રયોગો' માં એમણે નોંધ્યું છે કેઃ બજારની રોટી લેવાને બદલે ઘેર ખમીર વિનાની કયુનેની સૂચના પ્રમાણેની રોટી હાથે બનાવવાનું શરૂ કર્યું. આમાં મિલનો આટો કામ ન આવે. વળી મિલનો દળેલો આટો વાપરવા કરતાં હાથે દળેલો વાપરવામાં સાદાઈ, આરોગ્યને દ્રવ્ય વધારે સચવાતાં હતાં તેમ માન્યું. એટલે હાથે ચલાવવાની એક ઘંટી સાત પાઉન્ડ ખરચી ખરીદી. આને વજનદાર પૈડું હતું. બાળકો સહેજે રમત સમજીને પૈડું ચલાવતા આવતા. થાકે ત્યારે છોડી દેવાની તેમને છૂટ હતી.' (પાના નં.૨૮૭) આ થોડીક લીટીઓમાં ગાંધીજીએ પરિશ્રમ, આત્મનિર્ભરતા, બાળકેળવણી, સમાનતા અને માનવસહજ પ્રેમાળ સહજતાના જાણે કે દ્વાર ખોલી આપ્યાં છે. વ્યકિત માત્રએ પોતાનું કામ જાતે કરવું, સૌને એ કામ કરવા પ્રેરવા, બાળકોને સહજપણે કામમાં જોડવા, આવશ્યકતા પૂરતો જ ખર્ચ કરવો અને સ્વયં પોતાનો વૈભવ બતાવવાથી બચવું જેવા ગુણો ગાંધીજીએ ફકત ભાષણમાં નથી કીધા, સ્વયં જીવી બતાવ્યા છે; માટે જ તેઓ મહાત્મા કહેવાયા છે.

જે ક્ષેત્રમાં સૌથી વધારે સશકત થવાની જરૂર છે તે ક્ષેત્ર એટલે શિક્ષણનું ક્ષેત્ર અને ગાંધીજીએ જેટલા પ્રયત્નો દેશને સ્વતંત્ર કરાવવા માટે કર્યા હતા એટલા જ સાર્થક પ્રયત્નો શિક્ષણ ક્ષેત્રે વિકાસ અને સહજતા લાવવા માટે કર્યા હતા. 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના અને 'સાર્થ જોડણીકોશ'નું અવતરણ એ પ્રયત્નોનાં નરી આંખે જોઈ શકાય એવાં પ્રમાણો છે. ગાંધીજીએ કહેલું કે, 'કોશિયો પણ સમજી શકે એવી ભાષામાં સાહિત્ય રચાવું જોઈએ.' આપણાં મહાવિદ્યાલયની પણ એ જ કોશિશ છે કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તરફ પૂરતું લક્ષ્ય આપીએ અને એમનામાં પડેલી સુષુપ્ત શકિતઓને ખીલવવાની, પારંગવાની અને મહેકવાની તકો મળે.

શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ સાધવાની જવાબદારી જેટલી શિક્ષકો અને શિક્ષાલયોની છે એટલી જ જવાબદારી યુવા વિદ્યાર્થીઓની પણ હોય છે. બાળકને એક દિશામાં વાળયા બાદ એ બાળક યુવા વયે જો પોતાનો રસ્તો જાતે ન કંડારે તો દિશાસૂચકોના પરિશ્રમ પર પાણી ફરી વળે. વિદ્યાર્થી અવસ્થા એટલે વાંચવું, જાણવું અને પ્રયોજવું. રસ્કિનના 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તક વિશે ગાંધીજીએ લખ્યું છે કે,'આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શકયો. તેણે મને પકડી લીધો. જોહનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો.' જે માણસને આપણે મહાત્મા તરીકે ઓળખીએ છીએ તેણે પણ પોતાનું ઘડતર પુસ્તકોનાં વાચન, મનન વડે જ કર્યું છે એ જાણીનેય વિદ્યાર્થી અવસ્થામાં જો આ વૃતિ ન કેળવીએ તો તે યોગ્ય ન ગણાય. વળી આગળ એમણે લખ્યું છે, 'આ પહેલા રસ્કિનનું એક પણ પુસ્તક મેં વાંચ્યું નહોતું. વિદ્યાભ્યાસના કાળમાં પાઠયપુસ્તકો બહાર મારું વાચન નહી જેવુજ ગણાય. કર્મભૂમિમાં પ્રવેશ કર્યા પછી સમય ઘણો થોડો બચે. એટલે આજ લગી પણ એમ જ કહેવાય કે મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે.' (પાનાં નં. ૨૭૫) જૂઓ, જે માણસ વાંચીને પણ એમ કહેતો હોય કે મારું જ્ઞાન ઓછું છે તેની સહજતા અને જ્ઞાનની તરસ આપણને અહી સુપેરે સમજાય છે. વિદ્યાર્થી અવસ્થાથી માણસ કદી મુકત ન થવો જાઈએ. આ બાબત વિદ્યાર્થીએ સમજવાની છે જેનું અનુસરણ થાય એ માટે અમે સદૈવ તમારી પડખે હોઈશું જ.

**તા. ૦૧ નવેમ્બર, ૨૦૨૨** **(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### સુરત જીલ્લા કક્ષાનો ૩૦મો 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૨૨'

સુરત જીલ્લા કક્ષાનો ૩૦મો "રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૨૨" મહોત્સવ કાર્યક્રમનું સુરત જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રીસર્ચ સેન્ટરના સહયોગથી પ્રો. મીનું પરબીયા એન્ડોવમેન્ટ ફંડ હેઠળ આજે તા. ૧/૧૦/૨૦૨૨ રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જીલ્લાની વિવિધ શાળાના આશરે ૨૫૦ બાળવૈજ્ઞાનીકો એ ભાગ લીધેલ હતો.

કાર્યક્રમ દ્વારા બાાળકોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિ ખીલે અને તે દિશામાં સ્વતંત્રપણે વિચારતા અને સમજતા થયા અને વિજ્ઞાન પ્રત્યે અભિગમ કેળવાય, સંશોધન ક્ષેત્રે ફીલ્ડકાર્ય અનુભવ મેળવે એ હેતું માટે આ વર્ષની મુખ્ય થીમ: UNDERSTANDING ECOSYSTEM FOR HEALTH WELLBEING (આરોગ્ય અને સુખાકારી માટે ઈકો–સિસ્ટમની સમજણ) તેના પાંચ પેટા વિષયો સબંધિત સમસ્યાઓના ઉકેલ શોધી તે માટે પણ વિચારતા થાય અને પ્રયાસ કરે તે મુખ્ય આશય છે. શાળાઓના બાળકોને આપવામાં આવેલ મુખ્ય થીમ અને પાંચ પેટાવિષય પર પ્રોજેકટના સંશોધન અભ્યાસ રીપોર્ટ તૈયાર કરેલ હોય જેનું મૌખિક પ્રસ્તુતિકરણ અને પ્રોજેકટની પસંદગી માટે ૧૫૦ વધારે પ્રોજેકટ રજૂ થયેલ હતા. જેમાં દરેક પાંચ પેટા વિષયોમાંથી બે સૌથી સારા પ્રોજેકટને રાજ્ય કક્ષાએ પસંદગી કરેલ હતી. આ રીતે કુલ ૧૦ પસંદગી પામેલ પ્રોજેકટને GUJCOST દ્વારા યોજનાર રાજ્ય કક્ષાના NCSC-2022માં ભાગ લઈ, સુરત જીલ્લાનું પ્રતિનિધિ કરશે.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર–સુરતના ડાયરેકટર શ્રી જી.એન.કાકડિયા દ્વારા ભાગ લેનાર બાળકોને અને શિક્ષકોને આવકારવામાં આવેલ હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિશ્રી ડૉ. મીનુભાઈ પરબીયા દ્વારા બાળકોને આરોગ્ય અને સુખાકારીની ખૂબ જ ગહન માહિતી આપી હતી અને સમાજને લાભદાયી થવા પર ભાર મુકયો હતો. અતિથિ વિશેષમાં હાજર રહેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીએ બાળકોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિ ખીલે અને રાષ્ટ્ર ઉપયોગી સંશોધન કરવા હાકલ કરી હતી. બાયોટેકનોલોજી વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગૌરવભાઈ શાહે અને ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ, સુરતના મંત્રીશ્રી દિનેશભાઈ ભટ્ટ તથા જજ તરીકે સેવા આપનાર વિવિધ અધ્યાપકોએ પ્રાસંગિક સમારોહમાં અભિવૃધ્ધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સીપાલશ્રી મનસુખભાઈ નારિયાએ કર્યું હતું.












## રમતવીર પી.વી.સિંધુનું આગમન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે '૩૬માં રાષ્ટ્રીય રમતમહોત્સવ' અંતર્ગત બાયોટેક વિભાગમાં રમતવીર પી.વી.સિંધુ ઉપસ્થિત રહ્યાં હતાં. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ આ ૩૬મા રમતોત્સવ અંગે વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન પૂરું પાડયું છે. ઘણી રમતોનું આયોજન પણ થયું અને વિદ્યાર્થીઓ રમત–ગમત ક્ષેત્રે આગળ વધે તે માટે તેઓ હંમેશા કંઈક ને કંઈક કાર્યક્રમોનાં આયોજનો અને નવી દિશાઓ બતાવતા રહે છે. આ રમતોને અન્વયે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટના ડાયરેકટર ડેવીડ પોલ અને બાયોટેક વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ ઉપસ્થિત હતા. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય રમતોત્સવના ઇન્ચાર્જ અધિકારીશ્રી કનુભાઈ રાઠોડ તથા ચેતનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તમામની પ્રેરણાદાયી ઉપસ્થિતિએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું અને ડૉ. ગૌરવ શાહ દ્વારા પુસ્તક આપીને પી.વી.સિંધુને સન્માનિત કરાયા હતા તથા વિદ્યાર્થીઓ દ્વારા પી.વી.સિંધુનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું તથા ફાઈન આર્ટ્સ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તેમને કલાકૃતિ ભેટ કરવામાં આવી. Interior Design વિભાગનાં પ્રાધ્યાપક અંકિત ચાંગવાલા દ્વારા Life Balance વિશે જીવંત નિર્દેશન (Live Demonstration) કરવામાં આવ્યું હતું.

પી.વી.સિંધુ એક એવું નામ છે કે જે આજે રમત ક્ષેત્રે ગુંજી ઉઠયું છે અને દરેક લોકોમાં ખુબ જાણીતું છે. તેમની સિદ્ધિઓની વાત કરીએ તો શબ્દ પણ ઓછા પડે, તેમણે ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ પ્રસિદ્ધ થયેલી બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનની યાદી પ્રમાણે તેણી ટોચની ૨૦ ખેલાડીઓમાં હતાં અને ગર્વની વાત એ છે કે ઓલિમ્પિક બેડમિન્ટનનાં ફાઈનલમાં પ્રવેશનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બન્યાં હતાં. વિશ્વ પ્રતિયોગિતામાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બેડમિન્ટન ખેલાડી બન્યાં તથા ૩૦ માર્ચ ૨૦૧૫ના દિવસે તેણીને ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રી એનાયત થયો હતો. ૧૯ ઓગસ્ટ ૨૦૧૬ના દિવસે તેણીએ ૨૦૧૬ની રીઓ ઓલિમ્પિકની ફાઈનલમાં રજત ચંદ્રક જીત્યો હતો. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કોલંબો ખાતે યોજાયેલ ૨૦૦૯ની સબ જુનિયર વર્લ્ડ બેડમિન્ટન સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. ૨૦૧૦માં ઈરાન ફજ્ર આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ચેલેન્જમાં રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. ૨૦૧૦માં મેકસિકો ખાતે યોજાયેલ જુનિયર વર્લ્ડ બેડમિન્ટનશીપમાં તેણી કવાટર ફાઈનલમાં પહોંચી હતી. ૨૦૧૦ના ઉબેર કપ માટેની ભારતની રાષ્ટ્રીય ટીમની તેઓ સદસ્ય હતાં. World Championship માં તેમણે બે Bornze Medal, Uber Cup માં બે Bornze Medal, Asian Game માં એક Bornze Medal, Commonwealth Games માં એક Bornze Medal, Asia Championship માં એક Bornze Medal, South Asian Games માં એક Silver અને એક Gold Medal, Asian Junior Championship માં બે Bronze અને એક Gold Medal, Commonwealth Youth games માં એક Gold Medal પ્રાપ્ત કર્યા છે. પી.વી.સિંધુની ઉપસ્થિતિએ વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા અને તેમને તેમનાં ક્ષેત્રમાં આગળ કેવી રીતે વધવું તેનું માર્ગદર્શન પૂરું પાડયું. વિદ્યાર્થીઓ સાથે સવાલ જવાબો કરીને તેમની સાથે વાતો કરી. વિદ્યાર્થીઓનો તથા ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો કે કેવી રીતે કઠિન પરિશ્રમ અને ખેલદિલીની ભાવનાથી સફળતા પ્રાપ્ત કરી શકાય છે.


















## Slogan Competition for Startup in 2022

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આઝાદિકા અમૃત મહોત્સવના ભાગ રૂપે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની સુચના અને માર્ગદર્શન મુજબ SSIP/GKS દ્વારા કાર્યાન્વિત Student Startup Research Innovation Festival અંતર્ગત Slogan Compitionનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત 'આઈડિયા એન્ડ ઈનોવેશન' સેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સ્પર્ધાને તા. ૨૩–૯–૨૦૨૨ થી તા. ૩૦–૯–૨૦૨૨ દરમ્યાન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનું માર્ગદર્શન સતત મળ્યું હતું. આ સ્પર્ધા અંતર્ગત નીચે આપેલ વિષયમાંથી કોઈ પણ એક વિષય પર હસ્તલિખિત સૂત્ર (Handwitten Slogan) A3 અથવા A4 પોસ્ટરમાં લખી ઓનલાઈન ગુગલફોર્મ દ્વારા તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં મોકલવાનું રાખવામાં આવેલ હતું. પોસ્ટરનું લખાણ (સૂત્ર) હિન્દી/અંગ્રેજી વાંચી શકાય તેવા ફોન્ટમાં સબમિટ કરાવવામાં આવ્યું હતું. ન્યાયાધીશો દ્વારા પસંદ કરેલ ટોપ–૩ને ઈનામ આપવામાં આવશે. આ સ્પર્ધામાં આ વિષયમાંથી પસંદગી કરીને હસ્તલિખિત સૂત્ર જેમ કે, (1) Start up (2) Innovation (3) Enterpreneurship (4) New India (5) Atmanirbhar Bharat. Evoluation criteria (1) Elements of Creativity-20 (2) Composition_10 (3) Simplicity-10 (4) Visual impact-20 (5) How Well the Vision anf Mission are Communicated-10. Technical Criteria (for Slogan): (1) the Slogan should not have more than 20 word & 100 Letters (2) The Language should be easy to comprehend (30) Slogan in Gujarati, Hindi, of English is accepted (4) Slogan Should not be copied or resembles to some other slogan from internet ઉપર જણાવેલ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરીને 'Slogan Compition' નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટાર્ટઅપ વિશે વાત કરીએ તો ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ નીતિઓ રાષ્ટ્રના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત જેવા ઝડપી વિકાસશીલ અર્થશાસ્ત્રમાં આ નીતિઓ નવીનતાઓ, ઉદ્યાગસાહસિકો અને સ્ટાર્ટઅપ માટે તેમની નવીનતા અને શરૂઆતની સ્કેલ સુધીના વિકાસને માર્કેટિંગ કરવાનો પ્રયાસ કરતી વખતે અવરોધોને દૂર કરવામાં મહત્ત્વપૂર્ણ અને ખૂબ જ મહત્ત્વપુર્ણ છે. સામાન્ય રીતે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ખાસ કરીને તકનિકિ સંસ્થાઓ, ભારત જેવા દેશ માટે સ્ટાર્ટઅપ ચળવળને આકાર આપવામાં આવશ્યક ભૂમિકા ભજવે છે. જય યુવા પ્રતિભાઓનો મોટો ગર્વ તેમના શિક્ષણશાસ્ત્રમાં છે.

## વિદાય સમારંભ

તા. ૧૮–૧૦–૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે જુદા જુદા કાર્યાલયોમાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓની વયમર્યાદાને કારણે નિવૃત્ત થનાર યુનિવર્સિટીના કાર્યનિષ્ઠ કર્મચારીઓની સંનિષ્ઠ સેવાઓને બિરદાવવા તથા તેઓનું શેષ જીવન શુભમય બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવવા અંગે યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ ઉપસ્થિત રહી નિવૃત થનાર કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓની દીર્ઘ સેવા બિરદાવી તેમના નિવૃત્તિ પછીના જીવનની અને સારાં આરોગ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં શૈક્ષણિક સંગઠનના પદાધિકારો, બિનશૈક્ષણિક કર્મચારી મંડળના પ્રમુખશ્રી અશ્વિનભાઈ શંકર અને યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા. નિવૃત્ત થનાર કર્મચારીઓ અંગ્રેજી વિભાગના પ્રોફેસર અને વડાશ્રી ડૉ. રાકેશકુમાર દેસાઈ કે જેમણે ૩૩ વર્ષ, ૮ માસ સુધી, યુસીક વિભાગના ટેકનિશિયન 'સી' શ્રીમતી નીલાબેન લલ્લુવાડીયા કે જેમણે ૨૯ વર્ષ, ૦૨ માસ સુધી, ડી.બી.આઈ.એમ. વિભાગના સેવકભાઈ શ્રી સોમાભાઈ રાઠોડ કે જેમણે ૩૯ વર્ષ અને ૩ માસ સુધી અને વહીવટી વિભાગના શ્રી દિનેશકુમાર પટેલ કે જેમણે ૩૪ વર્ષ, ૧૧ માસ સુધી કામગીરી કરી હતી તેઓની સેવાને બિરદાવવા ચેક, સાલ અને સ્મૃતિ ભેટ આપીને તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. નિવૃત થનાર કર્મચારીઓએ તેમના અનુભવો વગોળ્યા તથા ડૉ. રાકેશકુમાર દેસાઈએ યુનિવર્સિટી ગીતનું અંગ્રેજી ભાષામાં અનુવાદન કર્યું અને બધાને સંભળાવી રસમય કર્યા હતા.











## Student Stratup Reserch Innovation Festival : Picture Competition

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આઝાદી અમૃત મહોત્સવના ભાગ રૂપે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની સૂચના અને માર્ગદર્શન મુજબ SSIP & GKS દ્વારા કાર્યાન્વિત Students Startup Research & Innovation Festival અન્વયે Picture Competition નું આયોજન તા. ૩૦/૯/૨૦૨૨ના શુક્રવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવી હતી. આ સ્પર્ધા રિસર્ચ એન્ડ ઇનોવેશન ક્ષેત્રે ગુજરાત હરણફાળ ભરે અને આત્મનિર્ભર ભારત માટે યુવાનોનું સશક્તિકરણ કરવાના હેતુથી કરવામાં આવી હતી. વિચારના તબક્કે સ્ટાર્ટઅપ એ બિઝનેસ મૉડેલ, આવક મૉડેલ, આદર્શ ગ્રાહક સ્પર્ધાત્મક લાભ, સ્થિતિ અને વધુ વિશેષ અનુમાનોની શ્રેણી સિવાય બીજું કંઈ નથી. સ્ટાર્ટઅપ પરફોર્મન્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું એ ધારે છે કે તમારાં બધાં અનુમાન માન્ય છે. ઐતિહાસિક ડેટા દર્શાવે છે કે ભાગ્યે જ સ્ટાર્ટઅપ તમામ ચાવીરૂપ સ્તંભોને ખોલી નાખે

છે અને તેને પ્રથમ વખત મોટું બનાવે છે. ચાલુ વર્ષના અભ્યાસ કરતા અને અભ્યાસ પૂર્ણ કરી ચૂકયા હોય તેવા વિદ્યાર્થીઓને સ્વ–રોજગારીની તક મળે, સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહન અને અભિમુખ કરવા માર્ગદર્શન માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તેમજ ઇ.ચા. કુલસચિવશ્રી રમેશદાન સી.ગઢવીનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ પ્રત્યે જાગૃતિ ફેલાવવા આ સ્પર્ધા કરવામાં આવી હતી. આ સાથે આઈડિયા એન્ડ ઈનોવેશન સેલનાં શ્રીમતિ તૃષ્ણા યાજ્ઞિકે વધુમાં સ્ટાર્ટઅપ વિશે જણાવ્યું હતું કે, તમારાં ઉત્પાદનનું શકય તેટલું હળવું વર્ઝન તૈયાર કરીને, તમે વધુ સમયસર પ્રતિસાદ મેળવી શકશો. બદલામાં, તમે તમારાં પ્રારંભિક ઉત્પાદનને વધુ વહેલા સુધારવા માટે વાસ્તવિક પ્રતિસાદનો ઉપયોગ કરીને ઘણાં પુનરાવર્તનો બનાવી શકો છો, જે તમે મૂળ રૂપે કલ્પના કરી હતી તે તમે બનાવી શકો છો. આ સ્પર્ધામાં મુખ્યત્વે Enterpreneurship in India, આત્મનિર્ભર ભારત, Startup India, Startup VS Job મુજબના વિષયમાં ધ્યાન દોરીને ચિત્ર પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા દરમિયાન કુલ ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લેવા રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓને આપેલ વિષય મુજબ ચિત્ર રજૂ કરી તેમનાં મંતવ્ય અને વિચારો રજૂ કર્યા હતાં.

## Fit India Freedom Run 3.0

તા. ૦૨–૧૦–૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટસ સંકુલના સિન્થિટીકસ ટ્રેક ખાતે 'Fit India Freedom Run 3.0 for a better life' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.








## Tally Software Programming Training and Workshop





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા હિસાબી વિભાગનાં માર્ગદર્શન હેઠળ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે યુનિવર્સિટી ખાતે સમાજશાસ્ત્ર બિલ્ડીગમાં આવેલ અર્થશાસ્ત્ર વિભાગની કોમ્પ્યુટર લેબમાં તા. ૮/૧૦/૨૦૨૨ થી તા. ૧૨/૧૦/૨૦૨૨ સુધી રોજ બપોરે ૧:૦૦ થી ૩:૦૦ કલાક Tally Account Softwareની તાલીમ રાખવામાં આવેલ હતી. જેમાં જે–તે વિભાગમાં Account ની કામગીરી કરતાં તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓ ભાગ લીધો હતો. જેમાં Tally Software Programને લગતા ઘણા બધા ફાયદાઓ વિષે માહિતી આપવામાં આવી હતી જેમ, કે Tally નો ઉપયોગ કંપનીની જરૂરીયાતો અનુસાર એકીકૃત નાણાકીય નિવેદન જનરેટ કરવા માટે થાય છે. Tally એક અથવા બહુવિધ જૂથોનું સંચાલન કરી શકે છે. Tally સોફ્ટવેરનો ઉપયોગ નાણાકીય અને ઇન્વેન્ટરી મેનેજમેન્ટ, ઇન્વોઇસિંગ, વેચાણ અને ખરીદી વ્યવસ્થાપન

રિપોર્ટીંગ અને MISને હેન્ડલ કરવા માટે થાય છે. આવી ઘણી બધી માહિતી વિષે માર્ગદર્શન માટે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને હિસાબી વિભાગના વડા ડૉ. નરેન્દ્રભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ બિનશૈક્ષણિક કર્મચારીઓને આ Tally Software Programming Training and Workshop નો લાભ મળ્યો હતો. આ તાલિમ દરમ્યાન કુલ ૫૦ થી વધારે કર્મચારીઓ એ ભાગ લીધો હતો. આ સમગ્ર સેમિનાર દરમ્યાન યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિભાગના વડાશ્રી/કો–ઓર્ડિનેટરશ્રીઓ તરફથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.






## NAAC Peer Team

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં NAAC (National Assessment & Accreditation Council) Peer Team તા. ૨૬/૯/૨૦૨૨ થી તા. ૨૮/૯/૨૦૨૨ સુધી મૂલ્યાંકન માટે આવી હતી. તા. ૧૧/૧૦/૨૦૨૨ના રોજ યુનિવર્સિટીનાં કમ્પ્યુટર વિભાગ ખાતે કુલપતિંશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની હાજરીમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને IQAC Direcor ડૉ. અપૂર્વ દેસાઈ તથા નેકની કામગીરી સાથે સંકળાયેલી Task Force અને સમગ્ર ટીમ સાથે આભાર દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. આ મૂલ્યાંકનની સફળતા માટે દરેક કર્મચારી અને વિદ્યાર્થીઓએ ખૂબ મહેનત કરી તથા યુનિવર્સિટીના તમામ વિભાગો, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની મહેનત રંગ લાવી છે. NAAC Peer Team ના મૂલ્યાંકનના ૧૨ દિવસ પછી પરિણામ જાહેર કરવામાં આવ્યું છે અને જણાવતાં આનંદ થાય છે કે, આપણી યુનિવર્સિટીને નેકની ચોથી સાયકલમાં B++ ગ્રેડ એટલે કે 2.86 CGPA મેળવ્યો છે NAACની પૂર્વ ત્રણ સાયકલની વાત કરીએ તો, NAAC Accreditationની સપ્ટેમ્બર ૨૦૦૪માં પ્રથમ સાયકલમાં યુનિવર્સિટી એ 2.82 CGPA સાથે B ગ્રેડ મેળવ્યો હતો અને ત્યારબાદ ફેબ્રુઆરી – ૨૦૧૭માં ત્રીજી સાયકલ કે જેમાં 3.02 CGPA સાથે A ગ્રેડ મેળવ્યો હતો. NAACની ચોથી સાયકલનાં પરિણામ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સર્વેને હાર્દિક અભિનંદન પાઠવે છે.



## SSIP (Student Start-up and Innovation Policy) 2.0 નું વિમોચન



National Law University - ગાંધીનગર ખાતે Sustainable Development અને આત્મનિર્ભર ગુજરાતનાં મિશનને વેગવંતું બનાવવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા SSIP (Student Start-up and Innovation Policy) 2.0નું વિમોચન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૩૫ વર્ષની વયથી નીચેના યુવાનોને સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહિત કરવાનો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું SSIP 1.0 દરમ્યાન સંતોષકરક યોગદાન જોઈ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવીના નેતૃત્વ હેઠળ SSIP 2.0 અંતર્ગત ૩.૯૫ કરોડની ગ્રાન્ટ આગામી ૫ વર્ષ (૨૦૨૨–૨૦૨૭) માટે આપવામાં આવી છે. SSIP 2.0 ના ગ્રાન્ટની ચેક અર્પણ વિધિ તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ ગવર્નર ઓફ ગુજરાત શ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત

યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીને ગાંધીનગર ખાતે આપવામાં આવી હતી. આ ગ્રાન્ટ અંતર્ગત દક્ષિણ ગુજરાતના કોઈ પણ ઉદ્યોગ સાહસિક વિદ્યાર્થી પોતાના ઇનોવેટિવ આઈડિયા સાથે યુનિવર્સિટીના SSIP Center પર આવી પોતાના આઈડિયાની નોંધણી કરાવી શકે છે. જેનું અલગ અલગ તજજ્ઞોની નિષ્ણાત કમિટિ દ્વારા પ્રાથમિક તેમજ દ્વિતિય તબકકાનું વિશ્લેષણ કરી આ આઈડિયાનું વર્કિંગ મોડલ બનાવવા પ્રત્યેક આઈડિયા પર ૨.૫ લાખ સુધીની ગ્રાન્ટ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આ ગ્રાન્ટ દ્વારા દક્ષિણ ગુજરાતના યુવાનો માટે વધારામાં વધારે ઉદ્યોગ સાહસિક વાતાવરણ ઊભું કરી તેમના આઇડિયાને માઇન્ડથી માર્કેટ સુધી પહોંચાડી શકાય તે માટે જરૂરી વર્કશોપ, સેમિનાર તેમજ હેકાથોન જેવી વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરી વિદ્યાર્થીઓને આગળ લાવવાના તમામ પ્રયાસો માટે કટીબદ્ધ છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં બે દિવસીય હેકાથોન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત આઝાદી કા અમૃત મહોત્સવ Hackathon-2022 સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેકાથોનની રીજયોનલ સ્પર્ધા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી છે. આ હેકાથોનની રીજયોનલ રાઉન્ડ માટે તા. ૦૭/૧૦/૨૦૨૨ થી તા. ૦૮/૧૦/૨૦૨૨ સુધી એમ બે દિવસીય કાર્યશિબિર યોજાયેલ હતી અને આ સ્પર્ધા સતત ૩૬ કલાક સુધી ચાલી હતી. આ કાર્યક્રમની શુભ શરૂઆત યુનિવર્સિટી ખાતે આવેલ બાયોટેક વિભાગના સેમિનાર હૉલમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિહ એન. ચાવડા, કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, Idea & Innovation Cell ના કો–ઓર્ડિનેટર ડૉ. પરેશ પારેખ, બાયોટેક વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ, વહીવટી વિભાગના વડાશ્રી ડૉ. દિપેશભાઈ પટેલ, નોડલ ઓફિસર્સ, જ્યુરી મેમ્બર્સ, મેન્ટર્સ, વાલીશ્રીઓ, તમામ વિદ્યાર્થીઓ તથા સ્વયંસેવકો હાજર રહ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શનથી તથા પ્રેરણાદાયી વાતોથી ઉત્સાહ વધાર્યો હતો. આ સ્પર્ધામાં રાજ્યના સરકારી વિભાગો, કચેરીઓ અને ઉદ્યોગો તરફથી આવેલા પ્રોબ્લેમ્સ હોય છે જેનું નિરાકરણ લાવવામાં આવે છે. જે પૈકી કુલ ૮૮ ટીમોએ ભાગ લીધેલ હતો તેમાંથી ૫૫ ટીમો હાજર હતી એટલે કે ૪૫૩ વિદ્યાર્થીઓ અને ૨૦ જ્યુરી મેમ્બર્સ તથા ૨૮ મેન્ટર્સ કે જેમણે સ્પર્ધા દરમ્યાન વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું અને કુલ ચાર વિભાગોમાં આ સ્પર્ધાનું ખુબ સરસ આયોજન કરેલ હતું. વિદ્યાર્થીઓ માટે નાસ્તો તથા ભોજનની વ્યવસ્થા તથા આરામ કરવા માટેની પણ વ્યવસ્થા કરેલ હતી. ભાગ લેનાર વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહથી તમામ મુશ્કેલીઓનુ નિરાકરણ લાવવા માટે નવાં નવાં સંશોધનો કર્યા.

યુનિવર્સિટીમાં બે દિવસીય હેકાથોન શરૂ થયેલ હતી જેનો પ્રારંભ તા. ૦૭/૧૦/૨૦૨૨ એ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા અવનવા સોલ્યુશન્સ લાવવામાં આવ્યાં, જેમાં તેમણે ડિજિટલ પાર્કીંગની વ્યવસ્થા કરવા માટેનું સેન્સર બનાવ્યું કે જેનાથી વાહનો પાર્ક થાય ત્યારે તેનાં સેન્સરથી તે વાહનોની અટેન્ડન્સ થાય, એક ટીમે એવું બનાવ્યું કે જયારે પાણીનો ટાંકો ભરાઈ જવાનો હોય ત્યારે એક એલર્ટ એલાર્મ વાગે અને આપણે પાણી વેડફાતું અટકાવી શકીએ, એક એવું મશીન કે જે દિવાલની મજબુતાઈની ક્ષમતા ચેક કરે. ૩૬ કલાકની મહેનત બાદ આ તમામ ઉપયોગી પરિણામ જોવા મળ્યાં અને સતત ૩૬ કલાક સુધી ચાલનારી આ સ્પર્ધામાં Mentors અને Volunteers વિદ્યાર્થીઓ સાથે રાત્રી દરમ્યાન પણ કાર્યમાં જોડાયેલ રહ્યા હતા. બીજા દિવસે તેમના Mind Refresment માટે હળવી કસરત અને યોગા પણ કરાવવામાં આવ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દર્શન કરાવવામાં આવ્યાં હતાં. પછી સવારે હળવા નાસ્તા બાદ ફરીથી તેમના પ્રોજેકટ પર લાગી ગયા હતા. ત્યારબાદ તમામ જયુરી મેમ્બર્સે બધાં ડિપાર્ટમેન્ટમાં અલગ અલગ ટીમો પાસે જઈને મૂલ્યાંકન કર્યું અને તેમની સાથે સવાલ જવાબો કર્યા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અલગ અલગ ડિપાર્ટમેન્ટમાં મુલાકાતે ગયા અને વિદ્યાર્થીઓની પ્રવૃતિઓને નિહાળી. વિદ્યાર્થીઓ અલગ અલગ વિષયો પર નિરાકરણો લાવવાની ખુબ ચપળતા અને બારીકાઈથી કાર્ય કરતા જોવા મળ્યા. વિદ્યાર્થીઓ તેઓનાં કામમાં એટલા લીન થઈ ગયા હતા કે ૩૬ કલાક કેવી રીતે પસાર થઈ ગયા તેની ખબર જ ના પડી.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તેની કૉલેજો અને યુનિવર્સિટીમાં નવીન પ્રક્રિયાઓ અને ઈકોસિસ્ટમને ડિઝાઈન કરવા અને વિકસાવવા માટે શ્રેણીબદ્ધ પહેલ કરી છે. તેની તરફ કરવામાં આવતી પહેલો અને સહાયક પ્રણાલીઓનું માળખું અને સંસ્થાકીયકરણ કરવા માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ–અપ અને ઇનોવેશન પોલીસી ડિઝાઈન કરવામાં આવી છે અને તેનો અમલ પણ થઈ રહ્યો છે. આ તમામ પ્રકારની પ્રવૃતિઓથી વિદ્યાર્થીઓની કલાનો વિકાસ થાય છે, નવા વિચારોનું સર્જન થાય છે અને ઘણી મુશ્કેલીઓનો પણ હલ થાય છે અને વિદ્યાર્થીઓ હળીમળીને કોઈ પણ મુશ્કેલીઓનો હલ લાવવાના પ્રયત્નો કરે છે. આ સ્પર્ધાનું સમાપન વિદ્યાર્થીઓને નંબર આપીને કરવામાં આવ્યું કે જે વસ્તુ અને નિરાકરણો કે જે વિદ્યાર્થીઓ દ્વારા લાવવામાં આવ્યું તે જોઈને તેમને સિલેકટ કરવામાં આવ્યા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા.













## પુસ્તક મેળો–૨૦૨૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા મધ્યસ્થ ગ્રંથાલયનાં અયોજન હેઠળ તા. ૩–૯–૨૦૨૨ થી તા. ૬–૯–૨૦૨૨ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનાં ઈન્ડોર સ્ટેડીયમ ખાતે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક મેળાનાં ઉદ્‌ઘાટન સમારોહમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી અને ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા ડૉ. કે.સી.પોરીયા, સર પી.ટી.સાર્વજનિક કૉલેજના પ્રાધ્યાપકશ્રી ડૉ. કેતન દેસાઈ, ઈ.ચા.ગ્રંથપાલ ડૉ. પારૂલબેન આર. પટેલ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, કો–ઓર્ડિનેટરશ્રીઓ, નિયામકશ્રીઓ અધ્યાપકો, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પુસ્તક મેળામાં દેશના વિવિધ શહેરોના ૨૨ જેટલા પુસ્તક વિક્રેતાઓ તથા વિવિધ ધાર્મિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ પુસ્તક મેળાની યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા નિયામકશ્રીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, ગ્રંથપાલશ્રીઓ, સુરત મહાનગરપાલિકા સંલગ્ન તમામ સાર્વજનિક ગ્રંથાલયો, સુરત મહાનગર પાલિકાની સુમન સ્કુલના વિદ્યાર્થીઓ તથા તમામ વહીવટી કર્મચારીઓએ મુલાકાત લઈ પુસ્તકોની ખરીદી કરી હતી.


















## Shodh Fellowship Awarded Student Felicitation Program - 2022








વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે Shodh Fellowship Awarded Student Felicitation Program-2022 તા. ૧૭–૧૦–૨૦૨૨ના રોજ બપોરે ૨:૦૦ કલાકે બાયોટેક વિભાગના સેમિનાર હૉલ ખાતે 'શોધ'નાં માર્ગદર્શક અને ભાગ લેનાર લાભાર્થીઓ સ્પર્ધકોને પુસ્તક દ્વારા સન્માનિત કરવાં માટેનો સન્માન સમારોહનું આયોજન કરેલ હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની પ્રેરક ઉપસ્થિતિમાં હતી અને અલગ અલગ વિષયોના શિક્ષકો જેવા કે કોમર્સ, કેમેસ્ટ્રી, રૂરલ સ્ટડીઝ, એકાઉન્ટન્સી, બાયોસાયન્સ, ગુજરાતી, અંગ્રેજી, એજ્યુકેશનના શિક્ષકો અને 'શોધ'નાં વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. ઉર્જાનું નવું સોપાન રચવામાં આવ્યું. 'શોધ'માં ગયા વર્ષે ૨૦ અરજીઓ મળી હતી અને આ વર્ષે વધીને ૧૦૪ થઈ ગઈ છે તે ખુબ વખાણવા લાયક વાત છે કે આજે દરેક વ્યકિતને કંઈક ને કંઈક નવું તો શોધવું જ છે અને તેના જ માટે આપણને આપણી ગુજરાત સરકાર અને આપણી યુનિવર્સિટી હંમેશા આપણો જુસ્સો વધારવા તૈયાર રહે છે. ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રોત્સાહન પૂરું પાડવા માટે ગુજરાત સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. SHODH Scheme of Developing High quality research. આ યોજના અંતર્ગત રાજ્યની માન્ય યુનિવર્સિટીમાં ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીને બે વર્ષ સુધી દર મહિને રૂા. ૧૫,૦૦૦/–નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આ ઉપરાંત પીએચ.ડી.ના વિદ્યાર્થીને આનુષંગિક ખર્ચ માટે વાર્ષિક રૂા. ૨૦,૦૦૦/– આપવામાં આવશે. વર્ષે કુલ બે લાખ રૂપિયા પ્રમાણે સંશોધકને બે વર્ષના અંતે ચાર લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ખુબ જ લાભદાયી અને મહત્વકાંક્ષી આ યોજનાથી વિદ્યાર્થીમાં સંશોધનની સજ્જતા વધશે. ગુજરાતની જ્ઞાનસંપદામાં બહુલક્ષી વૃદ્ધિ થશે.




કુલપતિશ્રીના માનવતાપૂર્ણ વ્યવહારે સૌનાં દિલ જીતી લીધાં. તા. ૧૭–૧૦–૨૦૨૨ના રોજ Ph.D. ની શોધ સંશોધન માટે સન્માનનો કાર્યક્રમ રાખેલ હતો તેમાં એક વિદ્યાર્થિની પોતાનાં નાનાં બાળક સાથે સન્માન કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં પરંતુ ફોટો લેતી વખતે નાનું બાળક રડી રહ્યું હતું અને તેની માતાને ફોટો લેવો હતો તે દરમ્યાન કુલપતિશ્રીએ નાના બાળકને હાથમાં તેડીને રમાડવા લાગ્યા અને તેની માતાએ ફોટો લેવા સુવિધા કરી આપી હતી. ઉપસ્થિત સૌ કોઈ કુલપતિશ્રીના આવા વાત્સલ્યપૂર્ણ/ માનવતાપૂર્ણ વ્યવહારથી ખુશ થયા હતા.

## Student Startup Research Innovation Festival & National Innovation Day







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની સૂચના અને માર્ગદર્શન મુજબ SSIP & GKS દ્વારા કાર્યાન્વિત 'Student Startup Research Innovation Festival' અંતર્ગત 'Extempore Elocution Competition on National innovation Day'નું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ઇન્સ્ટીટ્યુશન ઈનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ ઈનોવેશન સેલ અને SSIP દ્વારા તા. ૧૫ ઓકટોબર ૨૦૨૨ના રોજ નર્મદ સ્મૃતિ ભવન ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાની શરૂઆતમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પ્રસંગોપાત ઉદ્દબોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધા અંતર્ગત તમામ સ્પર્ધકોને સ્પર્ધાના સ્થળે ચિઠ્ઠી ઊંચકી તેમાં આપવામાં આવેલ વિષય પર ૩ મિનિટ સુધી બોલવાનું હતું. સ્વશ્રી Dr. A.P.J. Abdul Kalamની જન્મ જયંતી હોવાથી આ સ્પર્ધાના વિષયો મુખ્યત્વે Missile Man of India- Dr. A.P.J Abdul Kalamનું ભારતના વિકાસ માટે યોગદાન તેમજ ઈનોવેશનની થીમ પર રાખવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં આમંત્રિત નિર્ણાયકો ડૉ. પરેશ પારેખ, ડૉ. પ્રથા ઝાલા, શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક દ્વારા સ્પર્ધકોની સર્જનાત્મકતા, ભાષાનો પ્રયોગ, વિષયની અભિવ્યકિત, વિષયની સાપેક્ષતા, વિચારની મૌલિકતા જેવા માપદંડ પર સ્પર્ધકોને પારખવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધામાં કુલ ૬૬ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સાથે જ Students startup research & Innovation Festival અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બર થી ૧૫ ઓકટોબર ૨૦૨૨ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન ઓનલાઈન તેમજ ઓફલાઈન કરવામાં આવ્યું હતું જેમાંથી Picture Competition, Slogan Competition, Essay Competitionનું પરિણામ પણ આ સ્પર્ધા દરમ્યાન જાહેર કરી વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

## વેબિનાર



National Intellectual Property Awarenesss Mission' વેબિનારનું આયોજન તા. ૩ ઓગસ્ટ ૨૦૨૨ બુધવારના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે રીસર્ચ સેન્ટર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૫ જેટલા સહભાગીઓ ઓનલાઈન ભાગ લીધો હતો. શ્રી કુમાર રાજૂ (Asst. Controller of Patents & Designs, IPO Mumbai/ RGNIIPM Nagpur) મિટિંગમાં ઓનલાઈન હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના પીએચ.ડી. વિદ્યાર્થીઓને Intellectual Property Rights વિશે માહિતી આપી હતી.

## Sensitization Program for Startup and Innovation



Sensitization Program for startup and Innovation at Biotechnology and Microtechnology Department કાર્યક્રમનું આયોજન તા. ૫ ઓગસ્ટ ૨૦૨૨ શુક્રવારના રોજ બપોરે ૧૧:૩૦ થી ૧૨:૩૦ કલાકે બાયોટેકનોલોજી ડિપાર્ટમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક (મેનેજર આઈડિયા એન્ડ ઇનોવેશન સેલ) વિદ્યાર્થીઓને Strat up અને Enterpreneurship વિશે માહિતી આપી હતી.

## Quiz competition to Celebrate World Entrepreneurs day



Quiz competition to celebrate World Entrepreneurs day કાર્યક્રમનું આયોજન તા. ૨૦ ઑગસ્ટ, ૨૦૨૨ શનિવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે સેનેટ હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨ જેટલી અલગ અલગ ટીમે ભાગ લીધો હતો. જેમાં યુનિવર્સિટીના SSIP કો–ઓર્ડિનેટર ડૉ. પરેશ પારેખ અને LAW ડિપાર્ટમેન્ટના ડૉ. મોનિકા બ્રહ્મભટ્ટ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને દિવસના અંતે આ ટીમોનું ઈનોવેશનની ચકાસણી કરી ત્રણ વિજેતા જાહેર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ઇનોવેશન માટે પ્રેરિત કરી World Entrepreneurs day માટે પ્રોત્સાહિત કરવા માટે કરવામાં આવી હતી.

## Startup and Entrepreneurship Mega Event




Startup and Entrepreneurship Mega Eventનું આયોજન તા. ૨૬ ઓગસ્ટ ૨૦૨૨ મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કન્વેન્શન હોલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી રાજીવચંદ્રશેખર (Hon. Minister of State for Skill Development and Enterpreneurship, Government of India) અને શ્રી જીતુભાઈ વાઘાણી (Hon. Minister of Education, Government of India) તેમજ ગાંધીનગરથી અન્ય પદાધિકારીઓ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં શ્રી રાજીવચંદ્રશેખરએ Enterpreneurship અને Startup અંગેનું માર્ગદર્શન આપ્યું હતું અને યુનિવર્સિટીનાં Startup ને પુરસ્કાર આપીને સન્માનિત કર્યા હતા.

## India's Foreign Policy for New India



India's Foreign Policy for New Indiaનું આયોજન તા. ૮ સપ્ટેમ્બર ૨૦૨૨ ગુરુવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે બાયોટેકનોલોજી ડિપાર્ટમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી વિજય ચૌથાઈવાલે (Ph.D, Foreign Affairs Department Member, National Executive Bhaeatiya Janata Party) હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં શ્રી વિજય ચૌથાઈવાલેએ India's Foreign Policyનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપ્યું હતું.

## Guest Lecture Roadmap for Start-up in 2022



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, SSIP અને GKS દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ સ્ટુડન્ટસ સ્ટાર્ટઅપ રિર્સચ એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલના ભાગ રૂપે ૨૨મી ઓકટોબર ૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે 'રોડમેપ ફોર સ્ટાર્ટ–અપ ઇન ૨૦૨૨' ઓનલાઈન ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આઈડિયા એન્ડ ઇનોવેશન સેલમાંથી સભ્ય તૃષ્ણા યાજ્ઞિક અને તેમની ટીમે ગેસ્ટ લેક્ચર દ્વારા વિદ્યાર્થીઓને સરકાર દ્વારા આપવામાં આવતી આર્થિક સહાય અને સ્ટાર્ટ–અપ માટે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહિતી આપી હતી. આ ઓનલાઈન સેશનમાં કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૫ ઈનોવેટીવ આઇડિયા આગળ લાવવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમને સંલગ્ન કોલેજોના શિક્ષકો અને વિદ્યાર્થીઓ તરફથી ખૂબ જ સારોસહયોગ અને સહકાર મળ્યો હતો.

## Essay Writing Competition for Start-ups

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, SSIP અને GKS દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ 'સ્ટુડન્ટસ સ્ટાર્ટઅપ રિર્સચ એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલના ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કાર્યરત આઈડિયા એન્ડ ઈનોવેશન સેલ દ્વારા તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ એક નિબંધ લેખન ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના આ સ્પર્ધામાં સહભાગીઓને એક વિષય આપવામાં આવ્યો હતો જેના પર નિબંધ લખી શકાય અને તેને ગૂગલ ફોર્મ દ્વારા ઓનલાઈન સબમિટ કરો. નિબંધ લેખનનો વિષય હતો સ્ટાર્ટઅપ ઈન્ડિયા. આ સ્પર્ધામાં કુલ ૧૫૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો

## Startup Demo Day



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, SSIP અને GKS દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ સ્ટુડન્ટસ સ્ટાર્ટઅપ રિર્સચ એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલના ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કાર્યરત આઈડિયા એન્ડ ઈનોવેશન સેલ દ્વારા તા. ૪ ઓકટોબર ૨૦૨૨ના રોજ આઈડિયા એન્ડ ઇનોવેશન સેલ દ્વારા સ્ટાર્ટઅપ ડેમો ડે સ્પર્ધાનું આયોજન ઓનલાઈન કરવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગની સૂચના અને માર્ગદર્શન મુજબ આઝાદી કા અમૃત મહોત્સવની સમકક્ષ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫ (પાંચ) સ્ટાર્ટઅપસે એક વિચારથી સફળ સ્ટાર્ટઅપ સુધીની તેમની વાર્તા રજૂ કરી. તેમની સ્ટાર્ટઅપ યાત્રા દરમ્યાનના તમામ ઉતાર–ચઢાવ અને તેમને સરકાર અને VNSGU તરફથી કેવી રીતે સમર્થન મળ્યું. આ સ્પર્ધામાં કુલ ૭૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

## Department of Gujarati

## સર્જનાત્મક લેખન કોર્સ–૨૦૨૨







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગ ખાતે સર્જનાત્મક લેખન કોર્સ–૨૦૨૨ કાર્યક્રમ યોજવામાં આવ્યો. યુનિવર્સિટીમાં સર્જનાત્મક લેખન કોર્સ ચાલી રહ્યો છે એ અંતર્ગત સુપ્રસિદ્ધ કવિ અને જાણીતા પ્રો. વિનોદ જોશીએ પોતાની સર્જન યાત્રા વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૮/૧૦/૨૦૨૨ના રોજ બપોરે ૧ કલાકે યોજાયો હતો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ગુજરાતી વિભાગનાં કોર્સ કો–ઓર્ડિનેટરશ્રી નરેશ શુકલ અને વિભાગનાં વડાશ્રી શરીફા વીજળીવાળાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ કરવામાં આવ્યો. વિનોદ જોશી ગુજરાતી લેખક અને વિવેચક ગુજરાતી કવિ છે. તેમનાં નોંધપાત્ર કાર્યો કાવ્યસંગ્રહ, 'શિખંડી' 'શિખંડી' પર આધારિત એક લાંબી કવિતા છે, જે મહાભારતનું પાત્ર છે, રેડિયો નાટક સ્વરૂપે અને સિદ્ધાંત, 'તુંડિલ–તુંડિકા' દીર્ઘ કાવ્યનું એક સ્વરૂપ,

અને 'ઝાલર વાગે જુઠડી' કવિતાસંગ્રહ તેઓ જયંત પાઠક પુરસ્કાર, ક્રિટીક્સ એવોર્ડ, કવિશ્વર દલપતરામ એવોર્ડ, સાહિત્ય ગૌરવ પુરસ્કાર, નરસિંહ મહેતા પુરસ્કાર, કલાપી પુરસ્કાર, નર્મદ સંવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સોશયલ મીડિયાનાં માધ્યમથી ઑનલાઈન જોડાયા હતા. વિદ્યાર્થીઓને કવિતા કેમ લખવી તે અંગે પોતાના અનુભવો શેર કરીને સર્જનાત્મક લખાણ કઈ રીતે થાય તે સમજાવ્યું હતું. ત્યારબાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું શમન કરવામાં આવ્યું. આ પ્રસંગે શહેરનાં જાણીતા એવા સર્જકો અને નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## Department of Commerce

### આરતી થાળી શણગાર સ્પર્ધા

ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૯/૦૮/૨૦૨૨ના રોજ કો–ઓર્ડિનેટરશ્રી ફાલ્ગુની એમ. ઠક્કરનાં માર્ગદર્શન હેઠળ આરતી થાળી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવ (૯) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિશેના નિયમો અંગેનું માર્ગદર્શન ડૉ. પ્રિતી શાહે આપ્યું હતું. સ્પર્ધાની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર અને પ્રા. મુકેશભાઈ રોહીતે સેવા આપી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમે સંદિપ યાદવ, દ્વિતીય ક્રમે જાનવી ગાબાણી અને તૃતીય ક્રમે આકાંક્ષા શર્મા વિજેતા જાહેર થયાં હતાં. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ડૉ. પ્રિતિ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.





### ઓરિએન્ટેશન પ્રોગ્રામ







ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રથમ વર્ષ એમ.કોમ.ના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન તા. ૨૩/૮/૨૦૨૨ને સોમવારના રોજ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. પ્રિતિ શાહ અને પ્રા. મુકેશભાઈ રોહીત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય દ્વારા થઈ હતી. પ્રાર્થના એમ.કોમ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થિની મુસ્કાન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનું સ્વાગત ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર દ્વારા થયું હતું. કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને તેમના ભવિષ્યની શુભકામનાઓ સાથેનું આશીર્વચન આપવામાં આવ્યાં હતાં. ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ડિપાર્ટમેન્ટ, ફેકલ્ટી, સંચાલક અને સેવક ભાઈઓનો પરીચય કરાવી તેમના ભવિષ્યમાં ભણવાના એમ.કોમ.ના અભ્યાસ વિશે સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમનાં અંતે આભાર વિધિ ડૉ. નિલેશ પટેલ દ્વારા થઈ હતી.

## કલે મોડલિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન




તા. ૧૭/૯/૨૦૨૨ શનિવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત રાજ્યકક્ષાનો યુવા મહોત્સવના કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં યાદવ સંદિપ રામફલીભાઈએ આઝાદીના લડવૈયાઓ વિષય મુજબ વિરાંગના રાણી લક્ષ્મીબાઈનું કલે મોડલિંગ તૈયાર કર્યું હતું. જેમાં તેમને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ પરિવાર તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## કેશ ગુંફન સ્પર્ધા





ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, દ્વારા તા. ૨૮/૭/૨૦૨૨ને બુધવારનાં રોજ કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કેશ ગુંફન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ (૩) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિશેના નિયમો અંગેનું માર્ગદર્શન ડૉ. પ્રિતિ શાહે આપ્યું હતું. સ્પર્ધાની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરે સેવા આપી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમે મોરે સુષ્ટી પરેશભાઈ વિજેતા જાહેર થયાં હતાં. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ડૉ. પ્રિતિ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દરિયા કિનારાની સફાઈ







આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે ૭૫ દિવસ દરિયા કિનારાની સફાઈ કરવાની કામગીરી હાથ ધરવાના કાર્યક્રમ અંતર્ગત યુનિવર્સિટી દ્વારા તા. ૧૭/૦૯/૨૦૨૨ના રોજ દરિયા કિનારાની સફાઈ ઝુંબેશ કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો જેમાં ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ દ્વારા કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરનાં માર્ગદર્શન હેઠળ ૩૫ કરતા વધારે વિદ્યાર્થીઓ અને વિભાગના સ્ટાફ સાથે દરિયા ગણેશ ડુમસ ખાતે કિનારાની સફાઈ ઝુંબેશ કરવામાં આવી હતી જેમા સર્વેએ ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

## પુસ્તક મેળાની મુલાકાત



ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, દ્વારા તા. ૫/૯/૨૦૨૨ સોમવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં ત્રણ દિવસના પુસ્તક મેળા ખાતે વિદ્યાર્થીઓને પુસ્તકના વધુ ને વધુ ઉપયોગનાં મહત્ત્વને સમજાવવાના હેતુસર પુસ્તક મેળાની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરનાં માર્ગદર્શન હેઠળ તેમજ પ્રા. ડૉ. પ્રિતિ શાહ અને પ્રા. મુકેશભાઈ રોહીતના સંચાલન દ્વારા પુસ્તક મેળાની મુલાકાતનું આયોજન થયું હતું.

## શિક્ષક દિવસની ઉજવણી





ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, દ્વારા તા. ૬/૯/૨૦૨૨ને મંગળવારના રોજ કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરનાં માર્ગદર્શન હેઠળ શિક્ષક દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સાથે સારા શિક્ષક માટેની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા વિશેના નિયમો અંગેનું માર્ગદર્શન ડૉ.ફાલ્ગુની એમ. ઠક્કર અને પ્રા. મુકેશભાઈ રોહીતએ આપ્યું હતું.

સ્પર્ધાની શુભશરૂઆત દિપ પ્રાગટય અને પ્રાર્થનાથી થઈ હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર અને પ્રા. મુકેશભાઈ રોહીતે સેવા આપી હતી. સ્પર્ધામાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે હેતલ પુરોહિત, દ્વિતિય ક્રમે તાન્યા જૈન, તૃતિય ક્રમે દિક્ષા જેસ્વાલ અને ગુજરાતી માધ્યમનાં વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે ક્રિષ્ના ગામિત, દ્વિતિય ક્રમે પાયલ વાગદોડા અને તૃતિય ક્રમે મયુર બલદાનિયા વિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધાનું સંચાલન ડૉ. પ્રિતિ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## Department of Fine Arts

### ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેન્ટમાં ચાલતી હેન્ડ પ્રિન્ટિંગનું પરંપરાગત ચિત્રણ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ફાઈન આર્ટસ ડિપાર્ટમેન્ટમાં હેન્ડપ્રિન્ટિંગનું પરંપરાગત ચિત્રણમાં વિદ્યાર્થીઓ અવનવી વસ્તુઓ બનાવે છે અને તેઓની અદ્ભૂત કલાકારીઓથી મન મોહી લે છે. જેમાં હસ્તકલા–ચિત્રકલાથી અવનવું સર્જન કરીને આકર્ષણનું કેન્દ્ર ઊભું કરે છે. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા હંમેશા વિદ્યાર્થીઓની કલા ખિલવવા માટે અને કંઈક નવું સર્જનાત્મક કરવા એ હેતુથી પ્રેરણા આપતા રહે છે અને સતત પ્રોત્સાહન પૂરું પાડે છે, જેથી વિદ્યાર્થીઓ આવી જ રીતે ઉત્સાહભેર અવનવી કલાનું પ્રદર્શન કરતા રહે. ૧૫૫૬ માં ભારતમાં પ્રવેશેલી 'વુડ કાર્વિંગ' નામની ખૂબ જ જૂની અને પરંપરાગત ટેકનિક, જેની આજે પણ ગુજરાતના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેન્ટમાં વિદ્યાર્થીઓ પ્રૅક્ટિસ કરી રહ્યા છે.

પ્રથમ વર્ષના સ્પેશિયલાઈઝેશન પેઇન્ટિંગના વિદ્યાર્થીઓ પટેલ આસ્થા, વિરતી શાહ, કેસર ચંડપ, મહિમા મિસ્ત્રી, હની અમદાવાદી, પટેલ વૈભવી, ખુશી દેસાઈ, શ્રદ્ધા મટલીવાલા, રિદ્ધિ ભાગતવાલા, જોલી ગંડી, ભવિશા રાણા, પ્રાચી તેજાની પ્રથમ વર્ષમાં ફાઈન આર્ટ્સના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ પટેલ દ્વારા ડીઝાઈન કરાયેલા વુડકટ બેચમાં આસિસ્ટન્ટ પ્રોફેસર દિપ્તી બાટલવાલાનાં માર્ગદર્શન હેઠળ આપવામાં આવ્યું હતું. વુડકટનો ઉદભવ ચીનમાં મુખ્યત્વે ટેક્ષ્ટાઈલનાં રૂપે થયો હતો. ધીરે ધીરે આ પ્રૅક્ટિસ પેપર ઉપર શરૂ થઈ. આ ટેકનિક દ્વારા જાહેર પોસ્ટરો, કેલેન્ડર, ન્યુઝપેપરની અસંખ્ય આવૃતિઓ લેવામાં આવતી.


'વુડ કાર્વિંગ' જેને શિલિફ પ્રિન્ટિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમાં ચોક્કસ પ્રકારનાં વૃક્ષનાં થડનો ઉપયોગ થાય છે આ વુડબ્લોકમાં કાર્વિંગ કરવા માટે ભિન્ન પ્રકારનાં ટુલ્સનો ઉપયોગ થાય છે. જેથી એક કલાકાર પોતાની સર્જનાત્મકતાને પોતાની કલ્પના અનુસાર ચિત્રણ કરી શકે. આ વુડ બ્લોકને તૈયાર કર્યા બાદ ખાસ પ્રકારના પિગ્મેન્ટેશની ઇન્કનો ઉપયોગ થાય છે. વુડબ્લોકને કાર્વિંગ કર્યા સિવાયની સપાટી પર અલગ અલગ રંગોને રોલર ચઢે છે. આમ ફકત બ્લેક એન્ડ વ્હાઈટ જ નહિ. પરંતુ કલર પ્રિન્ટ પણ લઈ શકાય છે. પ્રિન્ટ મેકિંગની ખાસિયત તો એ છે કે એમાંથી અસંખ્ય આવૃતિઓ લઈ શકાય છે, જે ફકત કાગળ સુધી જ સમિતિ નથી, પણ કાપડ કે ચામડા ઉપર પણ લઈ શકાય છે જેમાં લાકડાની સપાટીનું ટેક્ષ્ચર અનોખું સૌંદર્ય ઊભું કરે છે. એક એવી ટેકનિક જેમાં વુડ બ્લોકને તૈયાર કરી રંગમાં ડુબાવી આખા કાપડ ઉપર પ્રિન્ટ કરવા આવે છે જે ગુજરાતમાં 'બ્લોક પ્રિન્ટિંગ' નાં નામે પ્રચલિત છે. આ કારીગરી દેખાવે ખૂબ જ આકર્ષક હોવાથી ટેક્ષ્ટાઈલમાં એક અલગ જ માંગ ઊભી કરે છે, જેમાં અમદાવાદ અને કચ્છ ખૂબ જ પ્રખ્યાત છે.

## વર્કશોપ : વિરાસત દર્શન ૨૦૨૨–૨૩

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ફાઈન આર્ટસ વિભાગ દ્વારા તા. ૧૪/૧૦/૨૦૨૨ના રોજ સુરતના વિદ્યાથીઓ અને નાગરિકો સુરતની ધરોહરને સમજે એ માટે એક અદભૂત નવીન શરૂઆત કરવામાં આવી છે. જેનું આયોજન ફાઈન આર્ટસ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી મેહુલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તથા વર્કશોપના કો–ઓર્ડિનેટર દિપ્તી એ. બાટલાવાલા તથા એકસપર્ટ તરીકે કિનલ આર. પટેલે અગત્યની ભૂમિકા ભજવી હતી. આ વર્કશોપ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવીનું માર્ગદર્શન સતત મળ્યું હતું.

સુરતના કતારગામ વિસ્તારમાં આવેલા ખૂબ જ પૌરાણિક–કંતારેશ્વર મહાદેવ મંદિરામાં આ વર્કશોપ યોજવામાં આવેલ હતો. આ સમગ્ર કાર્યક્રમ ફોટોગ્રાફી, સ્કેચિંગ, ઇતિહાસ અને સ્થાનિક લોકો સાથે વાતચીત સાથે નિષ્ણાત માર્ગદર્શન કિનલ આર. પટેલ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ મંદિરનો જૂનો ઈતિહાસ છે અને તે હજૂ પણ જૂના લાકડાનાં સ્થાપત્યથી ઘેરાયેલું છે. આ વર્કશોપમાં વિભાગના ૬૦ થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં તેમણે મંદીરની વાસ્તુકલા, ઈતિહાસ, આઈકોનોગ્રાફી ને ખુબ જ બારીકાઈથી જાણીને લાઈવ સ્કેચ બનાવ્યા જે ખુબ આકર્ષિત છે.

આ મંદિરના ઇતિહાસની સમજ આર્ટ એન્ડ આર્કિટેકચર, આઈકોનોગ્રાફી જાણી વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી લાઈવ સ્કેંચિગ પણ કર્યું. 'કાંતાર' એટલે કે કાંટાઓથી ઝાડીઓથી ઘેરાયેલું આ સ્વયંભુ શિવલિંગ જ્યાં રાંદેર વિસ્તારમાંથી ચરવા નીકળેલું ગાયોનું ટોળું જેમાંથી એક ગાય દરરોજ દૂધની ધારાઓથી અભિષેક કરતી. ભરવાડને પણ પૂરતું દૂધ ન મળતાં એક દિવસ એમણે ધ્યાન દોર્યું જોયું તો ટોળામાંથી વિખુટી થયેલી એક ગાયની ભકિતને જોઈ. ગભરાયેલી ગાયનો પગ શિવલિંગ પર પડવાથી એ જમીનમાં ઊતરી ગયુ. જયાં હજુ પણ એ ગાયના પગની ખરી છે. કહેવાય છે કે, કપિલ ઋષિઓએ પણ આવી તપ કર્યું ત્યારે ભગવાન સૂર્ય અને શિવજીએ દર્શન આપ્યાં. મંદિરની સામે ખૂબ જ મોટુ કુંડ પણ છે. જયાં તાપીનું પાણી વહેતું એવી શ્રુતિ ત્યાંના લોકો દ્વારા મળે છે અને ત્રેતાયુગમાં શ્રી રામે પણ બાણ ચલાવી આ કુંડને પાણીથી જળહળાવ્યું હતું. મંદીરની આજુબાજુ ઘણાં બધાં નાનાં તીર્થ મંદીરો છે. જેમાં વિષ્ણુના અવતારનું શિલ્પ જોવા મળે છે. તેમજ ખૂબ જ પૌરાણિક પદ્ધતિથી બનેલાં લાકડાનાં ઘરો મંદીરની સુંદરતામાં વધારો કરે છે. કહેવાય છે કે, આ શિંવલિગ અને અન્ય ચાર બીજા શિવલિંગ મળી પાંચ ભાઈઓ છે. જે અન્ય શહેરમાં પ્રસ્થાપિત છે. મંદિરની ઉજ્વળતા અને સતત ચાલતા મંત્રોચ્ચાર ભકતોને એક નવી ઊર્જા આપે છે.





















## Department of Statistics

### JAMOVI નો ઉપયોગ કરીને આંકડાકીય વિશ્લેષણ પર વિભાગ કક્ષાનો એક દિવસીય વર્કશોપ

આંકડાશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૧૩–૧૦–૨૦૨૨ના રોજ એક દિવસીય વર્કશોપ 'Statistical Analysis using JAMOVI' વિષય પર M.Sc. Statistics અને M.Sc. Applied Statistic સેમેસ્ટર–૩ ના વિદ્યાર્થીઓ અને વિભાગના શિક્ષકો માટે રાખવામાં આવેલ હતો. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૦૨૩થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની તૈયારીના અને અમલીકરણના ભાગ રૂપે આ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. JAMOVI-Software એ ગતિશીલ વાતાવરણ અને નવું ઇન્ટરફેસ ધરાવતું મફત અંકડાકીય સોફટવેર છે, જે અત્યાર સુધી SPSS, SYSTAT, R અથવા R-Studioમાં ઉપલબ્ધ નથી તેથી વડાશ્રી ડૉ. આરતી રાજ્યગુરૂએ આ વર્કશોપનાં આયોજન માટે પહેલ કરી અને કાર્યક્રમના કન્વીનર તરીકે ડૉ. શીતલ એસ. પટેલે વિભાગના તમામ સ્ટાફ સભ્યોના સહકારથી પહેલને ટેકો આપ્યો હતો.

આગામી શૈક્ષણિક વર્ષથી અભ્યાસક્રમમાં JAMOVI દાખલ કરવાનું આયોજન કર્યું છે. JAMOVI ના નિષ્ણાતો, એમ.જી.સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના ડૉ. આર. ડી. ચૌધરી અને એચ.એલ. કૉલેજ અમદાવાદના ડૉ. પરાગ શાહે તેમની કુશળતા અને જ્ઞાનની આપલે વર્કશોપના સહભાગીઓ સાથે કરી હતી. તેઓએ JAMOVIનો ઉપયોગ કરીને 'જામોવીનો પરિચય', 'જામોવીમાં ડેટા મેનેજમેન્ટ', 'વન સેમ્પલ ટેસ્ટ', 'ટુ સેમ્પલ ટેસ્ટ', 'વન વે અનોવા', 'ટુ વે અનોવા' અને 'કોરીલેશન એન્ડ લીનિયર રીગ્રેશન' પર સત્રો આપ્યા. વર્કશોપમાં કુલ ૩૭ સહભાગીઓએ લાભ લીધો હતો. સહભાગીઓએ તમામ સત્રોની ખૂબ પ્રશંસા કરી અને સમગ્ર વર્કશોપ દરમિયાન સક્રિય ભાગ લીધો.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનો તેમની પ્રેરણાદાયક ઉપસ્થિતિ અને સમર્થન તેમજ કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવી અને યુનિવર્સિટીના તમામ સત્તાધીશો અને દરેક વહીવટી વિભાગોના તમામ પ્રકારના પૂરા દિલથી સમર્થન અને જરૂરી તમામ મદદ માટે તથા ઝડપી પ્રતિસાદ આપવા બદલ આંકડાશાસ્ત્ર વિભાગ આભાર વ્યકત કરે છે.















## કૉલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### ઓનલાઈન લાઈવ ઉદ્‌ઘાટન સમારંભ



ગુજરાત જ્ઞાન ગુરૂ કિવઝ (G3Q) અંતર્ગત તાલુકા/મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધાનું જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૭ ઓકટોબર ૨૦૨૨ને શુક્રવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઇ.ચા. પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ સમય સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન ઓનલાઈન લાઈવ ઉદ્‌ઘાટન સમારંભનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષણમંત્રીશ્રી, રાજયકક્ષાના મંત્રીશ્રી તેમજ કુલપતિશ્રીઓ ફેસબુક અને યુટયુબ માધ્યમ મારફત લાઈવ જોડાઈને કૉલેજના સ્પર્ધકોને અને અન્ય વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

#### પુસ્તક પ્રદર્શનનું આયોજન

તા. ૬–૧૦–૨૦૨૨ થી તા. ૮–૧૦–૨૦૨૨ સુધી જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની લાયબ્રેરીમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી. રાણા, IQAC કો–ઓર્ડિનેટર ડૉ. સેજલ એ. દેસાઈ, કૉલેજના સ્ટાફગણ તથા ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ મુલાકાતી લીધી હતી.



### પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

#### ખેલૈયા સ્પર્ધા








જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ કૉલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગરૂપે તા. ૦૧/૧૦/૨૦૨૨ ના રોજ ખેલૈયા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ૩૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગરબાને તાલે ઝુમ્યા હતા. જેમાંથી ૨૨૩ જેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યું હતું. મેઘ મલ્હાર દોઢિયા કલાસીસના ઓનર શ્રી નિખિલ પટેલ અને જતીન મૈસુરિયાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. નિર્ણાયકશ્રી દ્વારા ૧૨

જેટલા વિદ્યાર્થીઓની સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. સુધાધારા સામલ, ટ્વિન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ અને જાસ્મીની ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ.

### વક્તૃત્વ સ્પર્ધા






શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ દ્વારા તા. ૨૬/૯/૨૦૨૨ના રોજ આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના આદેશ અનુસાર કલાઈમેન્ટ ચેન્જ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત Climate Change Youth Outreach Fornight Programme અંતગર્ત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. વક્તૃત્વ સ્પર્ધાનો વિષય પર્યાવરણની કુદરતી જાણવણી રાખવામાં આવેલ હતો. આ સ્પર્ધામાં ૨૭ વિદ્યાર્થીમિત્રોએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. એમ.જી.પટેલ અને પ્રા. ચિરાગ રાણાએ ભજવી હતી. જેમાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવેલ હતા.

| વિજેતા | નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમક્રમ બહેનો | દેસાઈ પરિત જે. | એફ.વાય.બી.કોમ. |
| પ્રથમક્રમ ભાઈઓ | રાજપુરોહિત વિક્રમસિંઘ | એફ.વાય.બી.કોમ. |
| દ્વિતીયક્રમ બહેનો | ચૌહાણ પ્રીતિ એ. | એફ.વાય.બી.કોમ. |
| દ્વિતીયક્રમ ભાઈઓ | ચાવડા રાજશ્રી ડી. | એફ.વાય.બી.કોમ. |
| તૃતીયક્રમ બહેનો | પટેલ પ્રિયાંસી પી. | એફ.વાય.બી.કોમ. |
| તૃતીયક્રમ ભાઈઓ | ગુપ્તા રોહન એચ. | એફ.વાય.બી.કોમ. |

આ સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા.એમ.જી.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર સ્પર્ધાની પ્રેરણા કૉલેજના આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર એન. રાણાએ પૂરી પાડી હતી.

### નિબંધ સ્પર્ધા





શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ દ્વારા તા. ૨૪/૯/૨૦૨૨ના રોજ આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના આદેશ અનુસાર કલાઈમેન્ટ ચેન્જ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત Climate Change Youth Outreach Fornight Programme અંતગર્ત નિબંધ સ્પધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ નિબંધ સ્પર્ધાનો વિષય 'વાતાવરણ અને પર્યાવરણમાં આવેલ તાજેતરમાં ફેરફારોની વિપરિત અસરોને ડામવાના ઉપાયો' રાખવામાં આવેલ હતો. આ નિબંધ સ્પર્ધામાં કુલ ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નીચે મુજબના વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવેલ હતા.

| વિજેતા | નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમક્રમ બહેનમાં | યાદવ ચાંદની એસ. | એફ.વાય.બી.કોમ. |
| પ્રથમક્રમ ભાઈઓ | યાદવ રાહુલ | એફ.વાય.બી.કોમ. |
| દ્વિતીયક્રમ બહેનોમાં | સિંઘ આસ્થા પી. | એફ.વાય.બી.કોમ. |
| દ્વિતીયક્રમ ભાઈઓ | ઠાકોર પાર્થ ડી. | એફ.વાય.બી.કોમ. |
| તૃતીયક્રમ બહેનોમાં | પ્રસાદ રોશની એન. | એફ.વાય.બી.કોમ. |
| તૃતીયક્રમ ભાઈઓ | સોઢા બ્રિજેશ પી. | એફ.વાય.બી.કોમ. |

આ સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા.એમ.જી.પટેલ અને પ્રા. આર.જી.પવાર દેખરેખ હેઠળ યોજવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમના પ્રેરણાસ્રોત આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર એન. રાણા બનેલ હતા.

## ગ્રૂપ ડિસ્કશન સ્પર્ધા





શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ દ્વારા તા. ૨૬/૯/૨૦૨૨ના રોજ આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના આદેશ અનુસાર કલાઈમેન્ટ ચેન્જ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત Climate Change Youth Outreach Fornight Programme અંતગર્ત ગૃપ ડિસ્કશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ ડિસ્કશનનો વિષય 'પર્યાવરણમાં આવેલા પરિવર્તનોની અસરો અને ઉપાયો' હતો. આ સ્પર્ધામાં ૩૦ વિદ્યાર્થીઓના ૩ ગ્રુપ બનાવવામાં આવેલ હતા. જેમાંથી ગ્રુપ A, B, C પૈકી ગ્રુપ A વિજેતા જાહેર થયું હતું. જેમણે ખુબ જ સુંદર દલીલો પર્યાવરણને બચાવવા અંગેની કરેલ હતી જેમાં વધુ વૃક્ષો વાવો, પ્લાસ્ટીકનો નિષેધ તેમજ કાગળનો યોગ્ય વિનિયોગ, ટેકનોલોજીનાં સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની રજૂઆત કરી હતી. આ સમગ્ર ગૃપ ડિસ્કશનનું સંચાલન ડૉ. મિનાક્ષી એમ. જરીવાલાએ કરેલ હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમની પ્રેરણા આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણાએ પૂરી પાડી હતી.

## ઇનોવેટીવ આઈડિયા ફોર કમ્બેટીગ કલાઈમેન્ટ ચેન્જ સ્પર્ધા

શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ દ્વારા તા. ૨૭/૯/૨૦૨૨ના રોજ આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના આદેશ અનુસાર કલાઈમેન્ટ ચેન્જ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત Climate Change Youth Outreach Fornight Programme અંતગર્ત ઇનોવેટીવ આઈડિયા ફોર કમ્બેટીગ કલાઈમેન્ટ ચેન્જ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા જાહેર કરેલ વિદ્યાર્થીઓનાં નામ નીચે મેજબ છે.

| વિજેતા | નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમક્રમ બહેનમાં | ગુપ્તા પ્રિયંકા એસ. | એફ.વાય.બી.કોમ. |
| પ્રથમક્રમ ભાઈઓ | પટેલ મયંક | એફ.વાય.બી.કોમ. |
| દ્વિતીયક્રમ બહેનોમાં | પટેલ ઈશિકા આર. | એફ.વાય.બી.કોમ. |
| દ્વિતીયક્રમ ભાઈઓ | પટેલ પિંકેશ પી. | એફ.વાય.બી.કોમ. |
| તૃતીયક્રમ બહેનોમાં | ગાંધી શિફા એસ. | એફ.વાય.બી.કોમ. |
| તૃતીયક્રમ ભાઈઓ | પટેલ પાર્થ એસ. | એફ.વાય.બી.કોમ. |

આ સમગ્ર સ્પધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા.એમ.જી.પટેલે ભજવી હતી. જયારે સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રો. ચિરાગ રાણાએ કર્યુ હતું. જયારે સમગ્ર કાર્યક્મો અંગેની પ્રેરણા કૉલેજના આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર એન. રાણા એ પૂરી પાડી હતી.





## રંગોળી સ્પર્ધા




શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ ખાતે તા. ૧૯/૯/૨૦૨૨ના રોજ ગુજરાત રાજય યુવા બોર્ડ અને કૉલેજના એન.એસ.એસ. વિભાગના સંયુકત ઉપક્રમે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિવસ નિમિત્તે એક

રંગોળી સ્પર્ધાનું આયોજન કરેલ હતું. આ સ્પર્ધાના વિષયોમાં CAA, વેક્સીનેશન, સર્જીકલ સ્ટ્રાઈક, રામમંદિર, ૩૭૦ કલમ, બુલેટ ટ્રેન, વંદેભારત ટ્રેન, યુક્રેનથી પરત આવેલા વિદ્યાર્થીઓ, વર્લ્ડ લીડર મોદી, મેઈક ઇન ઇન્ડિયા, INS વિક્રાંત, હર ઘર તિરંગા, ઊજ્જવલા યોજના, સ્વચ્છ ભારત હતા. આ સ્પર્ધામાં કૉલેજના ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતાઓમાં પ્રથમ ક્રમે કુ. માનસી ટંડેલ અને કુ. વિશાખા ટંડેલ તથા દ્વિતીય ક્રમે કુ. ધ્રુવિ પટેલ અને શ્રી પાર્થ જોષી તથા તૃતીય ક્રમે કુ. રિયા ઓડ તથા આસ્થા રાજપૂત વિજેતાઓ જાહેર થયા હતા. આ રંગોળી સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકાશ્રી વસનભાઈ આહીર કે જેઓ શ્રી વલ્લભાશ્રમ ડે બોર્ડિંગ, પારડીના ચિત્ર શિક્ષકે નિભાવી હતી. આ સ્પર્ધાનું સંકલન એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મિનાક્ષી જરીવાલા તથા ડૉ. તરૂલતા માહ્યાવંશીએ કર્યું હતું. તથા વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. આર.જી.પવાર, પ્રા. એમ.જી. પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા તથા પ્રા. ચિરાગ રાણાએ ગોઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમ અંગેની પ્રેરણા કૉલેજના આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણાએ પૂરી પાડી હતી.

## સ્લોગન સ્પર્ધા





તા. ૨૭/૯/૨૦૨૨ના રોજ શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ દ્વારા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના આદેશ અનુસાર ક્લાઈમેન્ટ ચેન્જ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત Climate Change Youth Outreach Fornight Programme અંતગર્ત સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્લોગન સ્પર્ધાનો વિષય 'પર્યાવરણ બચાવો' 'Save Environment' રાખવામાં આવેલ હતો. આ સ્લોગન સ્પર્ધામાં કૉલેજના ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા વિદ્યાર્થીઓના નામ નીચે મેજબ છે.

| વિજેતા | નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમક્રમ બહેનમાં | પરમાર ખુશ્બુ એમ. | એફ.વાય.બી.કોમ. |
| પ્રથમક્રમ ભાઈઓ | પટેલ મિતેશ બી. | એફ.વાય.બી.કોમ. |
| દ્વિતીયક્રમ બહેનોમાં | પટેલ દિશા આર. | એફ.વાય.બી.કોમ. |
| દ્વિતીયક્રમ ભાઈઓ | પટેલ હર્ષ પી. | એફ.વાય.બી.કોમ. |
| તૃતીયક્રમ બહેનોમાં | પગારે ખુશી ડી. | એફ.વાય.બી.કોમ. |
| તૃતીયક્રમ ભાઈઓ | માલી ધવલ આર. | એફ.વાય.બી.કોમ. |

સમગ્ર સ્પર્ધામાં ભૂમિકા પ્રા.એમ.જી.પટેલે ભજવી હતી અને સમગ્ર સ્પર્ધાની પ્રેરણા કૉલેજના આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર એન. રાણાએ પૂરી પાડી હતી.

## તિર્થલ દરિયા કિનારાની સફાઈ અભિયાન





શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડના N.S.S. યુનિટ દ્વારા તા. ૪/૧/૨૦૨૨ના રોજ 'આઝાદીકા અમૃત મહોત્સવ' અંતર્ગત અને 'સ્વચ્છ ભારત અભિયાન' કાર્યક્રમ હેઠળ તિર્થલ બીચના દરિયા કિનારે કૉલેજના આચાર્યશ્રી તથા પ્રોગ્રામ ઓફિસરશ્રીઓનાં માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિકનો કચરો એકઠો કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તીર્થલ ગ્રામપંચાયતના સરપંચશ્રી રાકેશભાઈ પટેલ પણ હાજર રહીને કૉલેજના N.S.S.ના સ્વયંસેવકોને સ્વચ્છતા અભિયાન અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમની પ્રેરણા કૉલેજના આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણાએ પૂરી પાડી હતી. તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. આર.જી.પવાર, પ્રા. એમ.જી.પટેલ, ડૉ. મિનાક્ષી જરીવાલા, પ્રા. ચિરાગ રાણાએ વ્યવસ્થા ગોઠવી હતી.

## એ. વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### નિબંધ સ્પર્ધા

અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા ખાતે Climate Change વિભાગ ગુજરાત રાજય આયોજીત સ્પર્ધાઓ પૈકી આબોહવા પરિવર્તન સામે લડવા માટે વિચારો રજૂ કરતી નિબંધ સ્પર્ધાનું આયોજન તા. ૩૦/૯/૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. સ્પર્ધાના પ્રથમ વિજેતા ધનગર શ્રુતિ એન. (ટી.વાય.બી.કોમ.), દ્વિતીય વિજેતા પટેલ સંજના કુમારી એચ. (ટી.વાય.બી.કોમ.), તૃતીય ક્રમે ગૌતમ નંદની આર. (એફ.વાય.બી.કોમ.) રહ્યાં હતાં. નિર્ણાયકની કામગીરી પ્રા. દિપીકાબેન લાડે બજાવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના તમામ ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફનો સહકાર મળ્યો હતો.

### Climate Change Youth Outreach Fort Night Programme

ગુજરાત રાજય દ્વારા આયોજિત Climate Change Youth Outreach Fort Night Programme અંતર્ગત કૉલેજ દ્વારા વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ Climate Change બાબતે જાગૃત થાય તેવા હેતુસર કૉલેજનાં ઈ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાનાં માર્ગદર્શન હેઠળ પ્રા. યોગિનીબેન પ્રજાપતિ વિવિધ સ્પર્ધાઓનું સફળતાપૂર્વક આયોજન કરી શકયાં હતા.

તા ૨૩/૦૯/૨૦૨૨ના રોજ Climate Change વિષય પર સ્લોગન કોમ્પીટીશન યોજાઈ હતી. જેમાં પ્રથમ ક્રમે ભંડારી હેની એમ. એફ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ), દ્વિતીય ક્રમે પંચાલ આર્ચી કે. એફ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ), તૃતિય ક્રમે દેસાઈ જાન્વી સી. એફ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) વિજેતા જાહેર થયાં હતા. નિર્ણાયક તરીકે પ્રા. યોગિતાબેન પ્રજાપતિ અને પ્રા. બ્રિજેશ ધિમ્મરે સેવા આપી હતી.

તા. ૨૬/૯/૨૦૨૨ના રોજ જૈવવિવિધતા, કુદરતી ખેતી જેવા વિષયો પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે પટેલ દિવ્યા સુરેશભાઈ એસ.વાય. બી.કોમ., દ્વિતીય ક્રમે પટેલ તેજલ જગદીશભાઈ એસ.વાય.બી.કોમ. અને તૃતીય ક્રમે પટેલ વિરાજ રણજીતભાઈ એફ.વાય.બી.કોમ. વિજેતા જાહેર થયાં હતાં. પ્રા. પાયલબેને નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

તા. ૨૭/૯/૨૦૨૨નાં રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. સ્પર્ધામાં પ્રથમ વિજેતા વાસણવાલા કૌસર એસ.વાય. બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) અને દ્વિતીય ક્રમે પટેલ કુનાલ એસ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયકનીસ કામગીરી પ્રા. અંજલીબેન પટેલ અને પ્રા. પાર્થભાઈ ઠક્કરે બજાવી હતી.

તા. ૨૯/૯/૨૦૨૨ના રોજ Climate Change વિષય પર જૂથ ચર્ચા સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા એફ.વાય. બી.કોમ ના પ્રજાપતિ ભૂમિ જે., દ્વિતીય ક્રમે શેખ મુનાઝ. આઈ., તૃતિય ક્રમે ચૌબે ગૌરવ રહ્યાં હતાં. નિર્ણાયકની કામગીરી ડૉ. સોનલબેન વસાવા અને પ્રા. હરમિત સિંઘ સરદાર બજાવી હતી.

### સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર અભિયાન

સ્વચ્છ સાગર સુરક્ષિત સાગરનાં રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના આદેશ અનુસાર દરિયાકાંઠાની સફાઈ ભાટ ગામના દરિયા કિનારાની સફાઈમાં કૉલેજના NCC કેડ્ટસની એક ટીમ સાથે NCC ઓફિસર સોનલબેન વસાવા, ગ્રામજનો અને સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે મળી દરિયા કિનારની સફાઈ કરી હતી. બીજી એક ટીમ જેમાં NSS ના સ્વયં સેવકો અને કૉલેજના વિદ્યાર્થીઓ કાવેરી નદીના કિનારાની સફાઈ અભિયાન હાથ ધર્યુ હતુ. જેમાં કૉલેજનાં ઇ.ચા.આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણા, પ્રોગ્રામ ઓફિસર ડૉ. નરેન્દ્રભાઈ સોલંકી અને કૉલેજના અધ્યાપકો જોડાયા હતા. કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાએ પ્લાસ્ટિકથી દરિયા, નદી, તળાવ મુકત તથા દરિયા જીવોને થતાં નુકસાન વિશે માહિતી આપી હતી.

## સત્યમ કૉલેજ ઓફ એજયુકેશન, ભરૂચ.

### કાનુની જાગૃતિ કાર્યક્રમ



તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત દિપ જયોત કૉલેજ ઓફ કોમર્સ, ભરૂચ દ્વારા તપોવન સંકુલમાં તા. ૧૫/૧૦/૨૦૨૨ના રોજ ગુજરા હાઈકોર્ટના હુકમ મુજબ ૧૮ વર્ષ કે તેનાથી નીચેની ઉંમરના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ 'પોકસો એકટ' કેસોમાં સંડોવાય નહી તે હેતુથી કાનૂની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવાનું જણાવેલ હોવાથી

તપોવન સંકુલમાં પોકસો એકટ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે અનુરાધા પટેલ પ્રોફેસર લૉ કૉલેજ એડવોકેટ તથા જિલ્લા કોર્ટમાંથી રશ્મિ પડગામા ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ સેમિનારની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ અનુરાધા પટેલ પ્રોફેસર એડવોકેટ દ્વારા સેમિનારની શરૂઆત કરવામાં આવીં. પોકસો એકટ ૨૦૧૨, મુજબની કાનૂની કાર્યવાહી વિશે જાણકારી આપી, જેમાં ૧૨ વર્ષ કે તેથી નાના બાળકો જે જાતીય શોષણનો ભોગ બને અથવા ગુનાહિત પ્રવૃત્તિ કરે તો કેટલાં વર્ષની કઈ કઈ સજાઓ છે તે વિશે માહિતી આપી. ટ્રેન, બસમાં મુસાફરી દરમ્યાન કોઈ શારીરિક છેડછાડ કે કંઈ બને તો ઈમરજન્સીમાં કોને સંપર્ક કરવો તે માટેની બધી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી.

ગુજરાત હાઈકોર્ટ ચીફ જસ્ટીસ શ્રી અરવિંદ કુમાર તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળનાં અધ્યક્ષશ્રી સોનિયાબેન ગોકાણીએ આ જાગૃતિ કાર્યક્રમના મુખ્ય કાર્યકર્તા છે. તેમના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. અનુરાધા પટેલ પ્રોફેસર એડવોકેટ દ્વારા બી.કોમ.ના ત્રણેય સત્રના વિદ્યાર્થીઓને 'પોકસો એકટ' ૨૦૧૨ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સેમિનારમાં બી.કોમ.ના વિદ્યાર્થીઓ તેમજ તપોવન સંકુલના તથા સંસ્થાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દીપ જ્યોતિ કૉલેજ ઓફ કોમર્સનાં પ્રાધ્યાપક શ્રી વિશ્વા શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## નેશનલ મલ્ટી ડિસિપ્લિનરી સેમિનાર અને ચેરિસમેટિક એજ્યુકેશન પ્રેકટીસ સેમિનાર







તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન ભરૂચનાં દ્વિદશાબ્દી વર્ષની ઉજવણીના પ્રસંગે સંસ્થા દ્વારા ઈન્ડિયન કાઉનિસલ ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન ન્યુ દિલ્હીના સહયોગથી તા. ૫/૦૯/૨૦૨૨ શિક્ષકદિનના રોજ નેશનલ મલ્ટી ડિસિપ્લિનરી સેમિનાર અને ચેરિસમેટિક એજ્યુકેશન પ્રૅકિટસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે ડૉ. અંજુ શર્મા (આઈ.એ.એસ.) તથા પ.પૂ.સ્વામિની તન્મયાનંદ સરસ્વતીજી કીનોટ સ્પીકર તરીકે ડૉ. અજીતસિંહ રાણા, ડૉ. વેદવ્યાસ દ્વિવેદી નિમંત્રિત હતાં.

કાર્યક્રમની શરૂઆત B.Ed. ની તાલીમાર્થી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી અને મહેમાનશ્રીઓના વરદહસ્તે દીપપ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ તથા સેમિનારના કનવીનર ડૉ. આશકા શુકલા દ્વારા મહેમાનશ્રીઓનો પરિચય તથા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. તેમના દ્વારા એવું કહેવામાં આવ્યું કે, સત્યમમાં જ્ઞાનની જે જયોત પ્રજવલિત કરી છે. તેનો પ્રકાશ સર્વત્ર પ્રસરતો રહે અધ્યયન–અધ્યાપન અને પઠન–પાઠનની પ્રવૃત્તિ નિરંતર તપોવન સંકુલમાં ચાલતી રહે, સંસ્થા પ્રગતિના સર્વોચ્ચ શિખરો સિદ્ધ કરે એવી પ્રાર્થના તેમના દ્વારા દ્વિદશાબ્દી મહોત્સવ નિમિત્તે શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિનું ધામ તપોવન બનશે એવી ભાવના વ્યકત કરી.

ત્યારબાદ પ.પૂ.સ્વામિની તન્મયાનંદ સરસ્વતીજીએ શિક્ષક કેવો હોવો જોઈએ એ વિષય પર વકતવ્ય આપ્યું. શિક્ષક એ કર્તવ્ય નિષ્ઠ હોવો જોઈએ. શિક્ષકમાં સામ, દામ, દંડ, ભેદ જેવા તમામ પ્રકારના ગુણો હોવા જોઈએ શિક્ષક પાસે જ્ઞાનનો પૂરો ભંડાર હોવો જોઈએ જેનાથી તે વિદ્યાર્થીઓની મુંઝવણ દૂર કરી શકે. તેમના દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે ધન અને શિક્ષણને કોઈ સબંધ નથી. આજનું શિક્ષણ અમુક વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી ઊભી કરે છે. ધનવાન વ્યકિત જ સારી કૉલેજ કે સારી સ્કૂલમાં અભ્યાસ કરી શકે છે. નામાંકિત કોલેજોમાં સારા ટકા ન હોય તો પણ ડોનેશન લઈને એડમિશન મળે છે અને જે ખરેખર હકદાર છે તેવા વિદ્યાર્થીઓ રહી જાય છે. તેમના દ્વારા એવું પણ કહેવામાં આવ્યું હતું કે 'ધર્મ એ સુખની શાંતિ છે' શાસ્ત્રમાં કહેવાય છે. તેમના દ્વારા દ્વિદશાબ્દી મહોત્સવ પ્રસંગ શુભેચ્છાઓ પાઠવવામાં આવી અને સંસ્થા દિવસે વધુ પ્રગતિ કરે તેવા આશીર્વચન આપવામાં આવ્યાં હતાં.

કીનોટ સ્પીકર અજીતસિંહ રાણાએ National Education Poliicy 2020 વિશે પણ વાત કરી અને તેમણે એવું પણ જણાવ્યું કે અત્યારે આપણો દેશ ટેકનોલોજી માં ખૂબ આગળ પડતો થયો છે. વિદ્યાર્થીની માનસિક શકિત વિકસાવવા માટે વિજ્ઞાનને લગતા પ્રયોગો એમને આપી શકાય છે. અત્યારે બધી જ જગ્યાએ ગૂગલ પે, ફોન પે, નો

ઉપયોગ કરવા લાગ્યા છે. આ તમામ વસ્તુઓ લોકોને આત્મનિર્ભર બનાવે છે. અને તેમના દ્વારા એવું કહેવામાં આવ્યું કે શિક્ષક દ્વારા વિદ્યાર્થીના વિકાસ માટેના તમામ કાર્ય શિક્ષકોએ કરવા જોઈએ. વધુમાં તેઓએ જણાવ્યું કે ચેરિસમેટિક મલ્ટી ડિસિપ્લિનરી અપ્રોચ માટે ભારતના પોતાના માનાંકો હોવા જોઈએ તો જ આપણે પ્રભાવશાળી શિક્ષણ વધુ સારી રીતે આપી શકીશું.

આ સેમિનારમાં કુલ દેશભરની વિવિધ કૉલેજો યુનિવર્સિટી, સંસ્થાઓમાંથી ૪૦૦ ઉપરાંત ડેલિગેટસ ભાગ લીધો હતો. જેમાં ૧૧૬ સંશોધનપત્રો રજૂ કરવામાં આવ્યા અને ૯૫ સંશોધનપત્રો ઇન્ટરનેશનલ જર્નલ ઓફ ક્રિએટિવ રિસર્ચ થોટસ (IJCRT)માં પ્રકાશિત કરવામાં આવ્યાં. સેમિનારમાં વિવિધ યુનિવર્સિટીના પ્રોફેસર, આચાર્યોએ ઉપસ્થિત રહી સેમિનારમાં સેવાઓ આપી હતી.

અંતે કાર્યક્રમની આભારવિધિ સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન ભરૂચના પ્રાધ્યાપક શ્રી નીલેશભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન દીપ જ્યોત કૉલેજ ઓફ કોમર્સના પ્રાધ્યાપક શ્રી સામિયા પીરજાદા દ્વારા કરવામાં આવ્યું હતું. તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયા તથા નિયામક શ્રી જાગૃતિ પંડયાનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કૉલેજ, સુરત.

### નવરાત્રીનું આયોજન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ અને કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૩/૧૦/૨૦૨૨ના રોજ નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯:૦૦ કલાકે અંબા માતાજીની આરતીમાં BCA અને B.Com. ના વિદ્યાર્થીઓ, અધ્યાપકો તેમજ સહકર્મચારીઓ જોડાયા હતા. ત્યારબાદ ગરબાની રમઝટ જામી હતી. ગરબામાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેસ્ટ ટ્રેડિશનલ ડ્રેસ અને બેસ્ટ મૂવ/એક્શન સ્પર્ધા યોજાઈ હતી. બેસ્ટ ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધામાં પ્રથમ વિજેતા તેજસ્વી ગોનીયા (S.Y.B.C.A.), દ્વિતીય ક્રમે ખુશાલી ભેસાનિયા (S.Y.B.C.A.), તૃતીય ક્રમે યશ ઘારીવાલા (F.Y.B.Com.), વિજેતા થયાં હતાં. બેસ્ટ મૂવ/એક્શનમાં પ્રથમ ક્રમે હિમાંશુ સિંઘ (F.Y.B.Com.), દ્વિતીય ક્રમે યુવરાજ ઝંડાવાલા (T.Y.B.Com.), તૃતીય ક્રમે મૈત્રી (F.Y.B.C.A.), વિજેતા થયાં હતાં. આ પ્રસંગે નિર્ણાયક તરીકે શ્રી પ્રીનેશ ભાણા અને શ્રી વિષ્ણુ જરીવાલા તેમજ સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર, વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાન્તભાઈ શાહ તેમજ બીસીએ અને કોમર્સ કૉલેજના ઈ.ચા.આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા થયેલા સ્પર્ધકોને ટ્રસ્ટશ્રીઓ તથા સંસ્થા પરિવારએ શુભેચ્છા પાઠવી હતી.









## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત.

### ગાંધી જયંતીની ઉજવણી





શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરતમાં તા. ૨/૧૦/૨૦૨૨નાં રોજ મહાત્મા ગાંધી જયંતીના શુભ અવસરે કૉલેજના આચાર્યશ્રી ડૉ.ડિ.એલ. વરસાણીએ ગાંધીજીનાં કાર્યો, સત્ય અને અહિંસા જેવા શ્રેષ્ઠ સિદ્ધાંતો, સ્વચ્છતા, સાદગી, સફાઈ, વૃક્ષોનું મહત્ત્વ વગેરે મુદ્દાઓને આવરી લઈ ગાંધીજીના વિચાર વિદ્યાર્થીઓનાં જીવનમાં ઉતારી ગાંધી ચિંધ્યા માર્ગ પર આગળ વધી ગાંધીજીનાં સ્વપ્નનું ભારત બનાવવા માટે હાકલ કરી હતી.

આ પ્રસંગે N.S.S. સાથે સંકળાયેલી કૉલેજની ૩૦૦ વિદ્યાર્થી બહેનો ઉપસ્થિત રહી હતી. તમામ બહેનોએ કૉલેજના તમામ વર્ગખંડો તથા કૉલેજ કેમ્પસનાં બસસ્ટેન્ડની સફાઈ કરી હતી. ગાંધીજીનો જીવનમંત્ર 'પોતાનું કામ પોતે જ કરવું' સાર્થક કર્યો હતો. કૉલેજનાં પટાંગણમાં મનુષ્યોને પ્રદૂષણથી બચાવવા માટે તથા મનુષ્ય સ્વસ્થ રહી સ્વસ્થ જીવન જીવે એ માટે ગાંધીજીએ આપેલ સિમ્પલ લિવીંગ હાઈ થિન્કીંગનાં સૂત્રને પણ ચરિતાર્થ કર્યું હતું.

ફીટ ઈન્ડીયા મૂવમેન્ટ અંતર્ગત કૉલેજની વિદ્યાર્થિની બહેનો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે વિદ્યાર્થિની બહેનોને કેન્દ્રમાં રાખી કૉલેજમાં દોડ, જોગીંગ, વૉકીગ જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મહેશભાઈ એમ. પટેલ તથા ડૉ. અમિતભાઈ ગોધાણીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પારડી.

### રાષ્ટ્રીય એકતા દિવસ






જે.પી.પારડીવાલા આર્ટ્સ કૉલેજ, કિલ્લા પારડીમાં તા. ૩૧/૧૦/૨૦૨૨ સોમવારના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી અંતર્ગત રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ રાષ્ટ્રીય એકતા શપથ લીધા બાદ સ્વયંસેવકો દોડમાં જોડાયા હતા. કાર્યક્રમમાં સ્વયંસેવક ભાઈ–બહેનોએ રસ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ઇ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગંગાબેન પટેલ અને પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી અંજલીબેન દ્વારા કરવામાં આવ્યો હતો.

## નારણલાલા બી.એડ. કૉલેજ, નવસારી.

### ૧૫૩ મી ગાંધી જયંતી નિમિત્તે કાર્યક્રમ

નારણલાલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનમાં ૧૫૩મી ગાંધી જયંતી નિમિત્તે ઉજવણી કરવામાં આવી.



## ઇન્ટર ક્લાસ પોસ્ટર મેકિંગ સ્પર્ધા

નારણલાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારીમાં ઇન્ટર ક્લાસ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.







## માટલી શણગાર અને તોરણ બનાવવાની પ્રવૃતિ

નારણલાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારીમાં માટલી શણગાર અને તોરણ બનાવવાની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું.



## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

## આરતી થાળી શણગાર સ્પર્ધા

ઉધના કૉલેજમાં કળા કૌશલ્ય ધારા અંતર્ગત તા. ૨૯/૦૯/૨૦૨૨ ના રોજ આરતી થાળી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું. આ સ્પર્ધામાં ગજેરા પીનલ (FY.B.C.A.)એ પ્રથમ, યાદવ શ્રેયા (F.Y.B.Com.)એ દ્વિતીય અને દધિચી કરુણા (F.Y.B.B.A.)એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનાં સંચાલકો દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે કૉલેજ પ્રાધ્યાપકો પ્રા. બિનૈફર ડુમસિયા અને ડૉ. રુદ્રી પુરોહિતએ સેવા આપી હતી.





## રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ

ઉધના કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સિંહ ગૌરવ (S.Y.B.Com.) અને પંચકોટી આશિષે (F.Y.B. Com.) તા. ૧/૧૦/૨૦૨૨ થી તા. ૪/૧૦/૨૦૨૨ દરમિયાન ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ, નવી દિલ્હી ખાતે સાયકલિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત ૩૬મી નેશનલ ગેમ્સમાં ટ્રેક સાયકલિંગની રમતમાં ભાગ લીધો હતો. આ

સ્પર્ધામાં બંને સાયકલિસ્ટોએ સારું પ્રદર્શન કરી કૉલેજને ગૌરવ અપાવ્યું. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તથા સમગ્ર કૉલેજ પરિવારે ખેલાડીઓના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.



## કોમ્પ્યૂટર લેબનું ઉદ્ઘાટન





ઉધના કૉલેજમાં તા. ૩૦/૯/૨૦૨૨ના રોજ નવી સુસજજ કોમ્પ્યુટર લેબોરેટરીનું ઉદ્‌ઘાટન શ્રી અતિકભાઈ દેસાઈ (ઉપપ્રમુખ, C.A.O, B.T. લાર્સન એન્ડ ટર્બો કંપની લિમિટેડ, હજીરા, સુરત)ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે સ્ટાફને સંબોધીને ઉધના કૉલેજ પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ડૉ. જયંતભાઈ પટેલ અને શ્રીમતી અલ્પાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિભાઈ પટેલ, સહ મંત્રીશ્રી કેતનભાઈ શાહ અને ટ્રસ્ટીશ્રી કરમસીભાઈ પટેલે હાજરી આપી પ્રસંગની શોભા વધારી હતી. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી ટેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ, કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી અને કૉલેજ સ્ટાફ સભ્યો પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

## ગાંધી જયંતીની ઉજવણી



ઉધના કૉલેજમાં ગાંધી જયંતી નિમિત્તે સામુદાયિક સેવા ધારા અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કૉલેજ પ્રાધ્યાપક ડૉ. અનિલ કે. ભરોડિયા અને ડૉ. કલ્પેશ ડી. કંસારાએ કૉલેજ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોને મહાત્મા ગાંધીનાં જીવનનાં પ્રેરણાદાયી પ્રસંગો સંભળાવ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સામુદાયિક સેવા ધારાના સભ્યો દ્વારા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી ટેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન અને સમર્થન બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા



ઉધના કૉલેજમાં તા. ૩/૧૦/૨૦૨૨ના રોજ પથદર્શક વાણિજ્ય કલબ હેઠળ 'નવીન ધંધાકીય વિચારો' પર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ ધંધાકીય વિચારો રજૂ કર્યા હતા. નિર્ણાયકોએ સ્પર્ધકોને ધંધાકીય વિચારોની સંભવિતતા પર પ્રશ્ન પૂછીને પથદર્શકના હેતુને સાર્થક બનાવ્યો હતો. આ સ્પર્ધામાં તુલસી ઝા (T.Y.B.Com.)ને વિજેતા જાહેર કરવામાં આવી હતી. સ્પર્ધાના આયોજક પ્રા. તથાગત પટેલ અને પ્રા. વિશ્વા મહેતાએ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ, કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી અને પથદર્શક કલબનાં હેડ ડૉ. પર્લ ખરાસનો પ્રેરણા અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. નિર્ણાયક તરીકે ડૉ. ત્વિષા પરમાર, પ્રા. બેનાઈફર ડુમસિયા અને પ્રા. જીનલ પુરોહિતે સેવા આપી હતી.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-10-2022 to 31-10-2022

| Detail | Description | Oct-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 2521 | |
| | Internet Lab User | 92 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 134 | |
| | Research Scholars | 7 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online User | 491 | |
| | Visitors | 12 | |
| | Total | | 3257 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| October-2022 | 495 | 538 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2022 | 6 |

Soursce : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2022 | 3 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2022 | 5 |

Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in